dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 160 | AD - 2025, Fagan Vad-02 | Sunday, Dt.16-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શુક્રવારના રોજ મૂર્તિ ખંડિત કરવાની એક ઘટના સામે આવી, હિંસાને કાબુમાં લેવા પોલીસ દળ તૈનાત

## ધુળેટીના દિવસે પ. બંગાળમાં હિંસા : અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ

કોલકતા,તા.૧૫

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં શુક્રવારે હોળીની ઉજવણી દરમિયાન થયેલી અથડામણમાં ૨૦ વર્ષીય યુવકનું મોત થયું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આકાશ ચૌધરી ઉર્ફે અમર ટીટાગઢમાં તેના ઘર પાસે મિત્રો સાથે હોળીની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે તેને ત્રણથી ચાર યુવાનોએ ઘેરી લીધો હતો. હુમલાખોરોએ તેમના ગળા અને શરીરના અન્ય ભાગો પર છરીના અનેક ઘા કર્યા હતા. આકાશને ખારદાહાની સરકારી બલરામ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો જ્યાંથી તેને બેલઘરિયાની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીંથી તેમને કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો હતો. પોલીસે જણાવ્યું કે આ હુમલા બદલ પવન રાજભરની ધરપકડ કરવામાં આવી છે. તે અગાઉ પણ આ વિસ્તારના અન્ય એક ગુનાહિત કેસમાં જેલમાં ગયો હતો. રાજભરના અન્ય બે સાથીઓ ફરાર છે. આકાશના કાકાએ જણાવ્યું કે તે સ્થાનિક કોલેજમાં ત્રીજા વર્ષનો વિદ્યાર્થી હતો અને તૃણમૂલ કોંગ્રેસ છાત્ર પરિષદનો સભ્ય હતો. આકાશના પરિવારે કહ્યું કે હુમલાખોરને મૃતક સાથે અંગત દુશ્મની હતી. પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં તાજેતરમાં થયેલી હિંસા બાદ પરિસ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. હિંસાની ઘટના બાદ, સમગ્ર વિસ્તારમાં સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સરકારે સાંતિયા શહેરના




ઘણા વિસ્તારોમાં ૧૭ માર્ચ એટલે કે સોમવાર સુધી ઈન્ટરનેટ સેવા સ્થગિત કરી દીધી છે. ઈન્ટરનેટ સેવા સ્થગિત કરવાનો આદેશ ૧૪ માર્ચથી જ જારી કરવામાં આવ્યો હતો. સાંઈથિયા શહેરમાં હોળીની ઉજવણી દરમિયાન હિંસા ફાટી નીકળી હતી જ્યાં પથ્થરમારા જેવા બનાવો બન્યા હોવાનું જાણવા મળ્યું છે. કોઈપણ પ્રકારની અફવા ફેલાતી અટકાવવા માટે વહીવટીતંત્રે સાંથીમાં ઈન્ટરનેટ સેવા સ્થગિત કરી દીધી છે. સરકાર દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે ટેલિકોમ્યુનિકેશન એક્ટ ૨૦૨૩ હેઠળ, કોઈપણ વ્યક્તિ અથવા જૂથ દ્વારા મોકલવામાં આવેલા અથવા પ્રાપ્ત થયેલા સંદેશાઓ, જે કોઈ ચોક્કસ વિષય અથવા વર્ગ સાથે સંબંધિત હોય, તે જાહેર વ્યવસ્થા જાળવવા અને ગુનાઓને રોકવા માટે અસ્થાયી રૂપે પ્રસારિત કરવામાં આવશે નહીં. જોકે, આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વોઈસ કોલ્સ અને એસએમએસ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. આદેશ મુજબ, જે પંચાયતોમાં ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં સૈંથિયા, હટોરાહ, મઠપલાસા, હરિસારા, દરિયાપુર અને ફુલુરનો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ આદેશ ૧૪ માર્ચથી તાત્કાલિક અસરથી અમલમાં આવશે અને ૧૭ માર્ચના રોજ સવારે ૮ વાગ્યા સુધી માન્ય રહેશે. આ સમયગાળા દરમિયાન અખબારોના પ્રકાશન અને પરિભ્રમણ પર પણ કોઈ પ્રતિબંધ નથી જેથી માહિતીના પ્રસારમાં કોઈ અવરોધ ન આવે. અહેવાલો અનુસાર, બીરભૂમમાં પથ્થરમારાની ઘટના બાદ, અસરગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળમાં ધૂળેટીના દિવસે અશાંતિ જોવા મળી હતી. નંદીગ્રામથી ભાજપના વિધાયક શુભેન્દુ અધિકારીનો આરોપ છે કે શુક્રવારે ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ તેમના મતવિસ્તારમાં મૂર્તિ ખંડિત કરવાની એક ઘટના સામે આવી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અમિત માલવિયે પણ આ ઘટનાની ટીકા કરતા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે.

## ટૂડોની વિદાય, કેનેડાના નવા પ્રધાનમંત્રી તરીકે માર્ક કાર્નીએ શપથ લીધા

ટોરોન્ટો,તા.૧૫

ભૂતપૂર્વ સેન્ટ્રલ બેંકર માર્ક કાર્નીએ શુક્રવારે કેનેડાના નવા વડાપ્રધાન તરીકે શપથ લીધા. માર્ક કાર્ની (૫૯) એ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોનું સ્થાન લીધું છે, જેમણે જાન્યુઆરીમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. લિબરલ પાર્ટીએ નવા નેતાની પસંદગી ન કરી ત્યાં સુધી ટ્રૂડો સત્તામાં રહ્યા. હવે તેઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલા વેપાર યુદ્ધ, મર્જરની ધમકી અને સંભવિત સામાન્ય ચૂંટણી વચ્ચે પોતાના દેશને આગળ વધારવાનો પ્રયાસ કરશે. માર્ક કાર્ની આગામી દિવસો કે અઠવાડિયામાં સામાન્ય ચૂંટણીની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. આ પ્રસંગે, વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, "અમે ક્યારેય, કોઈપણ રીતે, અમેરિકાનો ભાગ બનીશું નહીં. અમેરિકા કેનેડા નથી. આપણે મૂળભૂત રીતે એક અલગ દેશ છીએ." માર્ક કાર્નીએ કહ્યું કે તેઓ આગામી દિવસોમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમરને મળવા માટે બંને દેશોની યાત્રા કરશે. તેમને બંને દેશો તરફથી આમંત્રણો મળ્યા છે. "આપણે આપણા વેપાર ભાગીદારોને વૈવિધ્યીકરણ કરવું જોઈએ અને



આમ કરતી વખતે આપણી સુરક્ષાને મજબૂત બનાવવી જોઈએ," કેનેડાના નવા વડાપ્રધાને કહ્યું. તમને જણાવી દઈએ કે આ વર્ષે સંભવિત ચૂંટણીઓમાં શાસક લિબરલ પાર્ટીની હાર થવાની ધારણા હતી, પરંતુ ટ્રમ્પે ટેરિફના રૂપમાં "આર્થિક યુદ્ધ" જાહેર કર્યું અને ૫૧મા રાજ્ય તરીકે સમગ્ર દેશને અમેરિકામાં જોડવાની ધમકી આપી. હવે આ બદલાયેલા સમીકરણોને કારણે, દાવા કરવામાં આવી રહ્યા છે કે ચૂંટણીમાં લિબરલ પાર્ટીને ફાયદો થશે. ટ્રમ્પે કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ડ્યુટી લાદી છે અને ૨ એપ્રિલથી તમામ કેનેડિયન ઉત્પાદનો પર ભારે ટેરિફની જાહેરાત કરી છે. કાર્ની સરકારના નવા મંત્રીમંડળે પણ શપથ ગ્રહણ કર્યા છે. એફ. ફિલિપ શેમ્પેન કેનેડાના નવા નાણામંત્રી બન્યા છે. મેલાની જોલીને વિદેશ મંત્રી તરીકે જાળવી રાખવામાં આવ્યા છે.

## ઉત્તર ભારતમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી

### પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદની સાથે વીજળીની ચેતવણી



ન્યુ દિલ્હી,તા.૧૫

હવામાન વિભાગે શનિવારે જમ્મુ-કાશ્મીર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન સહિત ૯ રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. આ તરફ ૧૦ રાજ્યોમાં કાળઝાળ ગરમીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શુક્રવારે ઉત્તર પૂર્વના રાજ્યોમાં ભારે વરસાદ થયો હતો. આજે પણ ઉત્તર પૂર્વના રાજ્યો મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર અને ત્રિપુરામાં વરસાદ અને વીજળી પડવાની ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ અને આંધ્રપ્રદેશમાં તીવ્ર ગરમીનું એલર્ટ છે. માર્ચ મહિનામાં જ છત્તીસગઢમાં તાપમાન ૪૦ને પાર કરી ગયું છે.







## કર્ણાટકમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને ૪% અનામતનો પ્રસ્તાવ પાસ

બેંગ્લોર,તા.૧૫

કર્ણાટકની કોંગ્રેસ સરકાર સરકારી ટેન્ડરોમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને ૪ ટકા અનામત આપશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે કેબિનેટની બેઠકમાં કર્ણાટક ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક પ્રોક્યોરમેન્ટ (KTPP) એક્ટમાં ફેરફારોનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને મંજૂરી આપવામાં આવી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, વિધાનસભાના આ બજેટ સત્રમાં ટ્રાન્સપરન્સી ઈન



પબ્લિક પ્રોક્યોરમેન્ટ (KTPP) એક્ટમાં સુધારો કરવા માટે એક બિલ રજૂ કરવામાં આવશે. વિધાનસભામાંથી પસાર થયા પછી, કર્ણાટકમાં સરકારી ટેન્ડરોમાં મુસ્લિમોને ૪ ટકા અનામત આપવાનો માર્ગ મોકળો થશે.












# દામનગર નજીક પાડરશીંગાનો નવો રોડ ચાર વર્ષમાં તૂટ્યો, વાહનચાલકો પરેશાન

દામનગર, તા.૧૫



દામનગર નજીકના પાડરશીંગા ગામમાં નવો બનાવેલો રોડ ચાર વર્ષમાં જ તૂટી ગયો છે, જેના કારણે વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. રોડ ઓથોરિટીના નિયમો પ્રમાણે, જો માર્ગ યોગ્ય ગુણવત્તા સાથે બનાવવામાં આવે તો તેની ટકાઉ ક્ષમતા આઠથી દસ વર્ષ સુધીની હોવી જોઈએ. પરંતુ આ રોડના કિસ્સામાં ટેન્ડરમાં દર્શાવાયેલા નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું જણાય છે. કામની ગુણવત્તાના અભાવે બનાવાતા રોડ-રસ્તા થોડા સમયમાં જ બિસ્માર બની જાય છે, જેના કારણે વાહનોના સ્પેરપાર્ટ્સ અને લોકોના હાડકા ખોખરા થઈ જાય છે. તેમ છતાં નેતાઓ વિકાસના બણગા ફૂંકે છે. લાઠી તાલુકાના દામનગરથી નજીક આવેલા પાડરશીંગા ગામમાં (બાયપાસથી બાયપાસ) જવાનો માર્ગ જેને ચાર વર્ષ પહેલાં ડામરથી મઢવામાં આવ્યો હતો તે લગભગ ચાર વર્ષથી તૂટી ગયો છે, જેના કારણે વાહનચાલકોના હાડકાં ખોખરા થઈ જાય છે. લોકોની સમસ્યાને ધ્યાને લઈ ફરીથી માર્ગ બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# સા.કુંડલાના કાનાતળાવના ગ્રામજનોએ તાલુકા પંચાયત કચેરીનો ઘેરાવ કર્યો

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા તાલુકાના કાનાતળાવ ગામે છેલ્લા ત્રણેક વર્ષથી વહીવટદાર શાસન છે. હાલમાં જે તલાટી મંત્રી કામ કરી રહ્યા છે તે વહીવટી કામકાજના પુરા જાણકાર નથી, તેમના જવાબો ગ્રામજનોને સંતોષકારક નથી લાગતા. આ ઉપરાંત ગ્રામજનોના કોઈ કામ ન થતા હોય ઘણા સમયથી ગ્રામજનોએ અને અગ્રણીઓએ ધારાસભ્ય, તાલુકા પંચાયત પ્રમુખ તેમજ તાલુકા વિકાસ અધિકારીને આ અંગે ફરિયાદો કરેલ હોવા છતાં કોઈ પરિણામ ન મળતા આજે કાનાતળાવ ગામના પૂર્વ સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ તાલુકા પંચાયત કચેરીનો ઘેરાવ કરી એક લેખિત ફરિયાદ રજૂ કરી હતી અને જણાવ્યું હતું કે જો તલાટીમંત્રીનો પ્રશ્ન ઉકેલવામાં નહી આવે તો ગ્રામ પંચાયત કચેરીને તાળાબંધી કરવાની ફરજ પડશે.



તસવીર : સૌરભ દોશી

# તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે ધુળેટી પર્વની ભક્તિભાવથી કરાઈ ઉજવણી

અમરેલી,તા.૧૫



શ્રી રાધે રાધે એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક પૂ. જીગ્નેશ દાદાના અધ્યક્ષ સ્થાને તા.૮ થી ૧૪ માર્ચ સુધી ભવ્યાતિ ભવ્ય રીતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અને તત્વા યંત્રિપદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તથાસ્તુ વિદ્યાપીઠમાં ધુળેટી પર્વની ઉજવણી પ્રસંગે રંગોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પૂ. જીગ્નેશ દાદા (રાધે રાધે )એ ઉપસ્થિત ભાવિકોને કેસુડાના કેસરિયા રંગથી ભીંજવ્યા હતા. આ તકે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં ધુળેટીના પર્વ નિમિત્તે રંગોત્સવનું ભવ્ય આયોજન

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા શહેર હોળી ધુળેટીના પર્વ પર રંગોના અનોખા ઉત્સવમાં ડૂબતું જોવા મળેલ. શહેરના નાવલી કાંઠે આવેલ રિદ્ધિ સિદ્ધિ ચોક એટલે તહેવારો ઉજવવા માટેનું કેન્દ્રીય સ્થાન. અહીં ધુળેટીના પર્વ નિમિત્તે રંગોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રંગોત્સવમાં અમરેલી જિલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં, ઉપસ્થિત તમામે રંગોત્સવનો આ અનેરો ઉત્સવ મન ભરીને માણ્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલા શહેર જાણે રંગોથી રંગાઈ ગયું હોય તેવો માહોલ સર્જાયેલો જોવા મળતો હતો. ઢોલની દાંડીના તાલે ભારતીય સંસ્કૃતિના ધ્વનિ અને સંગીતના તાલે લોકો મન મૂકીને રંગમાં આવીને ઝૂમતાં જોવા મળ્યા હતા.



# લીલીયાની બાલકૃષ્ણ હવેલી ખાતે ધુળેટી પર્વની ઉજવણી કરાઈ

લીલીયા, તા.૧૫



અમરેલીના લીલીયામાં આવેલ બાલકૃષ્ણ હવેલી ખાતે મુખ્યાજી રવિભાઈ ભટ્ટના માર્ગદર્શન નીચે હોળી-ધુળેટી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હવેલી ખાતે ચાર દિવસીય રંગ રસિયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી ધુળેટીનો આનંદ માણ્યો હતો.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયા ખાતે વ્યાખ્યાનનું આયોજન

અમરેલી,તા.૧૫

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયામાં ઉદ્દીશા પ્રકલ્પ અંતર્ગત તા.૧૫-૦૩-૨૦૨૫ના રોજ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (GES -૨) ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ડો. મહેશ એસ.ગઢીયા દ્વારા પોઝિટિવ એટીટ્યુડ અને સી.વી. રાઈટિંગ વિષય પર બે એક્સપર્ટ લેક્ચરનું



આયોજન કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓમાં હકારાત્મક વલણનો વિકાસ થાય તથા તેમાં તેઓ પોતાના કેરિયરમાં પ્રોફેશનલ સી.વી. બનાવી અને સફળતા મેળવી શકે તેવા ઉમદા હેતુથી આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રા. રિદ્ધિબેન તળવિયાએ કાર્યક્રમનું સંચાલન કરેલ હતું.

# જિલ્લાના ખેડૂતોને સુજલામ-સુફલામ યોજના નીચે માટી ઉપાડવાની મંજૂરી આપવા રજૂઆત

**જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી,તા.૧૫

રાજય સરકારના ધારાસભ્યો દ્વારા સુજલામ-સુફલામ યોજના નીચે ફેબ્રુઆરી મહિનામાં ખેડૂતોને માટી ઉપાડવાની છૂટ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું પરંતુ ફેબ્રુઆરી મહિનાને બદલે માર્ચ મહિનો પૂર્ણ થવાને આરે છે છતાં સરકાર દ્વારા ખેડૂતોને માટી ઉપાડવાનો કોઈ પરિપત્ર કે કોઈ જાહેરાત કરવામાં આવેલ નથી. વધુમાં જિલ્લા યુવા કોંગ્રેસ સંદિપ ધાનાણીએ જણાવ્યું હતું કે તાકીદે જે તે યોજના દ્વારા સરકારે ખેડૂતોને તાત્કાલીક ધોરણે માટી ઉપાડવાની મંજૂરી આપવી જોઈએ. કારણકે થોડા સમયમાં ચોમાસાની ઋતુ ચાલુ થશે અને ખેડૂતોને ખેતી કરવાનો સમય ન મળે જેથી ખેડૂતોને તાત્કાલીક માટી ઉપાડવાની મંજૂરી આપવા મુખ્યમંત્રી, કલેકટર સહિતનાઓને રજૂઆત કરવામાં આવી છે.

# જૂનાગઢ ખાતે દીક્ષાંત સમારંભમાં ખડસલી ગામના વિદ્યાર્થીનું સન્માન

અમરેલી, તા.૧૫



ડો. સુભાષ યુનિવર્સિટી જૂનાગઢ ખાતે ઐતિહાસિક ક્ષણ એવો પહેલો દીક્ષાંત સમારંભ યોજવામાં આવ્યો હતો. તેમાં ખડસલી ગામના હર્ષિલ ભુદરભાઈ મકવાણાએ માસ્ટર ઓફ ટેકનોલોજી M.Tech (CAD\CAM) માં પ્રથમ નંબરે માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરતા સન્માન કરાયું હતું. વિદ્યાર્થીએ ખડસલી ગામનું ગૌરવ વધાર્યું હતું.


બાપા સીતારામ પરોઠા & નાસ્તા હાઉસ

સવારનો નાસ્તો ગરમા-ગરમ
મેથીના થેપલા - બટેટા પૌવા
ભાખરી - સેવ ખમણી
સુકીભાજી - લસણની ચટણી
રાયતા મરચા સાથે દહિં

(હોમ ડીલીવરી આપવામાં આવશે)

સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૧૦:૦૦ સુધી

ફુલ થાળી રૂા.૧૦૦/-

૪ જાતના શાક, દાળ-ભાત, છાશ, પાપડ, અને સ્વામીની રોટલી તો ખરી જ...

આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે, ડીનર પાર્ટી, રીસેપ્શન પાર્ટી સર્વિસ સાથે કેટરીંગ કરી આપીશું.

એસ.ટી. બસ સ્ટેન્ડની બાજુમાં, તાલુકા પોલીસ સ્ટેશનની સામે, અમરેલી.

રમેશભાઈ પી. મકવાણા : મો. ૯૮૨૪૬ ૯૩૨૮૩



વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488

નક્ષત્ર મોટર્સ

સોલાર રૂફટોપ સિસ્ટમ

વસાવો ઈલેક્ટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......

Rs.78000/- સબસિડી

ઈલેક્ટ્રીક બાઈક

ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ

ઈલેક્ટ્રીક બાઈક તુનવાન યો બાઈક

એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



Hero

માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો

પ્રસ્તુત છે નવું DESTINI 125

રહો બે કદમ આગળ

અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પ્લશ સીટ 785mm |LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે

Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ ● વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ ● એસી જોબ ● એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ ● ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ ● ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

હોલિકા દહનના દર્શન કરી લોકોએ પ્રદક્ષિણા સાથે ખજુર, દાળીયા, મકાઈ, શ્રીફળની આહૂતિ આપી

# અમરેલી જિલ્લામાં ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી

**લોકોએ મન ભરીને એકબીજા પર રંગ ઉડાડ્યા, બગસરામાં ડીજેના તાલે લોકો ઝુમી ઉઠયા**

અમરેલી,તા.૧૫


અમરેલી સહિત જિલ્લાભરમાં હોળી ધુળેટી પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. ઠેરઠેર હોલિકા દહન કરાયુ હતું. આ ઉપરાંત ધુળેટી પર્વની પણ રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. બાબરામાં હોળી અને ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારમાં હોલિકા દહન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો હોલિકા દહન સમયે હાજર રહ્યા હતા. બીજા દિવસે ધુળેટીના પર્વની પણ ઉજવણી લોકો દ્વારા કરવામાં આવી હતી. અહીં નાના બાળકો, યુવાનોએ ધુળેટીના પર્વ પર રંગે રમી એકબીજાને રંગ ઉડાડી પર્વની ઉજવણી કરી હતી.


તસવીર : હાર્દિક બામટા

સાવરકુંડલામાં પણ લોકોએ ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. અહી સામાજિક સંસ્થાઓ દ્વારા સાવરકુંડલાના ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકો સાથે હર્ષો ઉલ્લાસથી આ રંગોના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. તો બગસરામાં પણ હોળી, ધુળેટી પર્વની ઊજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી બાળકો મન ભરીને રંગે રમ્યા હતા. ગોંડલીયા ચોકમાં ડીજેના તાલે લોકોએ ધુળેટીના પર્વની શાનદાર ઉજવણી કરી હતી. રાજુલાની અનેક સોસાયટીઓમાં હોલિકા દહન કરવામાં આવ્યું હતું. હોલિકાની લોકોએ પ્રદક્ષિણા કરી હતી અને ખજુર, દાળીયા, શ્રીફળની આહુતિ આપી હતી. ધારી, કુંકાવાવ, વડીયા, લીલીયા સહિતના શહેરોમાં પણ ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની B.ED. સેમ.-૩ની પરીક્ષામાં ગજેરા કેમ્પસની કોલેજની ઝળહળતી સિદ્ધિ

**સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવાયા**



અમરેલી, તા.૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈ.વર્ષ ૨૦૨૪-૨૫માં લેવાયેલી B.ED. સેમ.-૩ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયેલ હતું. આ પરીક્ષામાં ગજેરા કેમ્પસની શ્રીમતી એમ. જે. ગજેરા બી.એડ્. મહિલા કોલેજનું પરિણામ ૧૦૦ ટકા ડિસ્ટિંક્શન સાથે આવ્યું હતું. જેમાં કથીરીયા વૃતિ પી. કોલેજ ફર્સ્ટ - ૯૬.૩૨%, ફતેપરા રાધિકા એ. કોલેજ સેકન્ડ- ૯૬.૦૦% અને બારીયા વિશેશા આર. કોલેજ થર્ડ - ૯૫.૬૮ ટકા પ્રાપ્ત કર્યા હતા. આ સફળતા મેળવવા બદલ સ્ટાફ, સ્ટુડન્ટ અને રેન્કરને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બગસરાના હડાળા ગામના યુવકનું સુરત પાસિંગની કારે ટક્કર મારતા મોત

**યુવક મોરવાડા પાટીયાથી ખાખરીયા રેલવે સ્ટેશન નજીક પસાર થતાં ફોરવ્હીલે ટક્કર મારી**

બગસરા, તા.૧૫

બગસરાના હડાળા ગામના યુવકનું સુરત પાસિંગની કાર અડફેટે મોત થયું હતું. બનાવ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે હડાળા ગામના સંજયભાઈ નાથાભાઈ ચાવડા (ઉ.વ.૩૫) તેમની બાઈક લઈને મોરવાડા પાટીયાથી ખાખરીયા રેલવે સ્ટેશન નજીકથી પસાર થતા હતા ત્યારે ફોરવ્હીલ નંબર જીજે-૦૫-એસી-૧૩૨૯ના ચાલકે આવી ટક્કર મારી હતી. જેમાં શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી. તેમજ માથાના ભાગે ગંભીર ઈજા થતાં મોત થયું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં 'તું મને ઓળખતો નથી' કહી ધમકી આપી

અમરેલી, તા.૧૫

અમરેલીમાં રહેતા નરેશભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.૩૭) એ ઉના ડેપોમાં નોકરી કરતાં લક્ષ્મણભાઈ ડાયાભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેના મોબાઈલ પર ફોન કરી 'તું એસ.ટી.ની પાછળ કેમ પડ્યો છે, તું મને ઓળખતો નથી' તેમ કહી ગાળો આપી ફોનમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના સદભાવના ગ્રુપને ધુળેટીના દિવસે રૂ. ૪૩,૬૦૦નું ગૌદાન મળ્યું

સાવરકુંડલા, તા. ૧૫


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના સદભાવના ગ્રુપને ધુળેટીના દિવસે રૂ. ૪૩,૬૦૦નું ગૌદાન મળ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ સાવરકુંડલા શહેરમાં રિદ્ધિ સિદ્ધિ નાથ મહાદેવ મંદિર ચોક, મેઈન બજાર ચોક અને મેઈન બજારના વેપારીઓ દ્વારા માત્ર ૪ કલાકમાં રૂ. ૪૩,૬૦૦નું ગૌદાન મળ્યું હતું. આ ગૌદાન પ.પૂ. ઉષામૈયા (શિવ દરબાર આશ્રમ - કાનાતળાવ )ને અર્પણ કરાશે. આશ્રમમાં ૩૭૫ ગીર ગાયો હોવાથી તેના ઘીમાંથી અમરેલી જિલ્લાની હોસ્પિટલમાં પ્રસૂતા બહેનોને સુખડી(કાંટલું) આપવામાં આવે છે.

## લાઠીમાંથી ૪ શકુની ઝડપાયા

લાઠી, તા.૧૫

લાઠીમાં કેરીયા રોડ ૬૬ કે.વી. સબ સ્ટેશન જવાના રસ્તા પાસેથી પોલીસે ૪ જુગારીને ઝડપી લીધા હતા. અનીલભાઈ હરજીભાઈ ચૌહાણ, ઈમરાનભાઈ યાસીનભાઈ કુરેશી, હિંમતભાઈ કાળુભાઈ જાદવ તથા અક્ષયભાઈ લાલજીભાઈ ચૌહાણ ગંજીપતાના પાના તેમજ પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂા.૪૨૨૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા.

## જાફરાબાદના નાગેશ્રી છેલ્લી પાટી ગામે ભાઈએ સગા ભાઈને લાકડીના ઘા માર્યા

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદના નાગેશ્રી છેલ્લી પાટી ગામે ભાઈએ સગા ભાઈને લાકડીના ઘા માર્યા હતા. કામ ધંધો કરતો ન હોવાથી સમજાવતાં મનદુઃખ રાખ્યું હતું. બનાવ અંગે રવજીભાઈ ઉર્ફે સંજયભાઈ ભુપતભાઈ જોગદીયા (ઉ.વ.૩૦)એ મનુભાઈ ભુપતભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી બન્ને સગા ભાઈઓ થાય છે. આરોપી કંઈ કામ ધંધો કરતા ન હોય જે બાબતે તેમણે તથા તેના બાપુજીએ સમજાવ્યો હતો. જે વાતનું મનદુઃખ રાખી આરોપીએ ફરિયાદી તથા સાહેદ ભુપતભાઈ સાથે ઝઘડો કરી ગાળો આપી, લાકડીનો એક ઘા મારી માથાના ભાગે છ ટાંકા લાવી ઈજા કરી હતી. તેમજ પિતા ભુપતભાઈને માથાના ભાગે લાકડીનો એક ઘા મારી તેને પણ માથાના ભાગે પાંચ ટાંકા લાવી ઈજા કરી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator

Buy Online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator

Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.

Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## દુષ્કર્મના કેસમાં નિર્દોષ છુટેલા કમીગઢના યુવકે ઝેરી પાઉડર પીધો

અમરેલી, તા.૧૫

અમરેલીના કમીગઢ ગામે દુષ્કર્મના કેસમાં નિર્દોષ છુટેલા યુવકે ડિપ્રેશનના કારણે ઝેરી પાઉડર પીધો હતો. જયસુખભાઈ ગોવિંદભાઈ રાઠોડ (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, તેમનો નાનો ભાઈ દિપકભાઈને છેલ્લા એકાદ વર્ષથી માનસિક રોગની સારવાર ચાલુ હતી અને પાંચેક મહિના પહેલા દુષ્કર્મના કેસમાં નિર્દોષ છુટકારો થયો હતો અને ત્યારથી ડિપ્રેશનમાં રહેતા હતા. જેનાથી કંટાળીને ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લીધો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## લીલીયાના પુતળીયા (દાડમા) પ્રા.શાળામાં શાળા શતાબ્દિ મહોત્સવની ઉજવણી કરાઈ

લીલીયા, તા.૧૫



લીલીયા તાલુકાના પુતળીયા ગામની પ્રાથમિક શાળા ખાતે તારીખ ૧૧-૩-૨૦૨૫ ના રોજ શાળાની સ્થાપનાને સો વર્ષ પૂર્ણ થતા શતાબ્દિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શાળામાં રાત્રિના સમયે યોજાયેલ આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પ્રમુખ, નાયબ મામલતદાર એ.કે. પરમાર, બી.આર.સી. અભિષેકભાઈ ઠાકર, કે.નિ. શિક્ષણ ડો. અલ્પેશભાઈ પંડયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોની હાજરીમાં શાળાના બાળકોએ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

## અવસાન નોંધ

**લીલીયા મોટા**

સ્વ. વિનોદરાય ભાણજીભાઈ માઢક(ઉ.વ.૮૬)નું તા.૧૪/૦૩/૨૦૨૫ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ગં.સ્વ. રંજનબેનનાં પતિ તથા વિભાકરભાઈ, વિરેન્દ્રભાઈ, વિજયાબેન (મહુવા), વિમળાબેનનાં મોટાભાઈ તથા જયપ્રકાશભાઈ, અજયભાઈ માઢકનાં પિતાશ્રી થાય.

**ચલાલા**

અમરેલી નિવાસી જયાબહેન શિવશંકર જોશી ઉ.વ. ૮૯ તે અશોકકુમાર શિવશંકર જોશી (હાઇસ્કૂલ,ક્લાર્ક,ચલાલા) ના માતૃશ્રી અને કિશન હરેશભાઇ જોશીના દાદીમાનું તા.૧૨/૩/૨૦૨૫ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**બગસરા**

લાભુબેન મેરામભાઇ ગીડા તે રાજુભાઇ ગીડા (સદસ્ય નગરપાલિકા), કલ્પનાબેન (જૂનાગઢ), દર્શનાબેન (આચાર્ય સંઘવી કન્યા વિદ્યાલય લાઠી)ના માતાનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૭ ના રોજ દશા સોરઠીયા વાડી શિવાજી ચોક ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**લીલીયા મોટા**

સ્વ. બળવંતભાઈ મહાશંકરભાઈ દવે (ઉ.વ.૮૯)નું તા.૦૬/૦૩/૨૦૨૫ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તે યોગેશભાઈ દવે લીલીયા તાલુકા ભાજપ અગ્રણી અને બ્રહ્મસમાજના આગેવાનના પિતાશ્રી થાય છે.

**જાફરાબાદ**

જાફરાબાદ નિવાસી મહંત ગૌસ્વામી શાંતિગીરી શંકરગીરી ઉ.વ.૭૫ તારીખ ૧૪/૦૩/૨૦૨૫ ને શુક્રવારે કૈલાશવાસ થયેલ છે તે નરેશગીરી શાંતિગીરી, આનંદગીરી શાંતિગીરી તેમજ નિદ્ધીબેન જીતુગીરી ( મહુવાવાળા ) ના પિતા થાય તેમજ ઓમગીરી, સંજનાબેન, મહિમાબેન, મેઘનાબેન ના દાદા થાય છે

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી **દેવયાની ઈન્દ્રસિંહ પરમાર, રહે. મું.જાળીયા, તા.જી.અમરેલીવાળાએ** અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં આવેલ કેરીયારોડ રસ્તે **''મધુરમપાર્ક''** માં આવેલ **રે.સ.નં.૨૭૧** પૈકી વાળી બીનખેડવાણ જમીન પ્લોટ નં.૨૭/૧ ની જમીનવાળી મકાન મિલ્કત તેના **ચો.મી. ૬૦-૫૫** છે. સદરહું મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક ખેડૂત ખાતેદાર બાબુભાઈ ગોવિંદભાઈ બાંભરોળીયા તેમજ ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ બાંભરોલીયાની વડીલોપાર્જીતની હતી અને વારસાઈનાતે તેઓના માલીકી હક્કે આવેલ છે. અને તેઓના નામેજે બીનખેતીમાં ફેરવાયેલ છે. ત્યારબાદ તેઓના કુલ મુખત્યાર મહેશકુમાર બાબુભાઈ બાંભરોલીયા પાસેથી શૈલેષભાઈ મધુભાઈ સાવલીયાએ તા.૩૦/૦૭/૨૦૦૧ના **રોજ રજી.વે.દ.નં.૧૫૩૩** થી ખરીદ કરેલ છે. અને તેઓ પાસેથી નં.(૧) મેહુલભાઈ નાથાભાઈ સાવલીયા (૨) હિતેશભાઈ ધનજીભાઈ પરમાર (૩) આગમભાઈ કરશનભાઈ વોરા (૪) મયુરભાઈ ધનજીભાઈ પરમાર વિગેરેએ તા.૧૭/૦૪/૨૦૨૩ના રોજ રજી.વે.દ.નં.૨૩૬૩થી વેચાણ રાખેલ હતી અને તેઓ પાસેથી ઉરોકત અમારા અસીલશ્રી તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ નોટરાઈઝ સીરીયલ. નં.૯૪૩/૮૨ થી કરી ખરીદ કરવા માંગે છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહું મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોક્ત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હક્ક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દ્વારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દ્વારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહું મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી. તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૧૫/૦૩/૨૦૨૫.**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી.**

**સહી,**
**દિપક વી. નાગ્રેચા**
એડવોકેટ-અમરેલી.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિપક વી. નાગ્રેચા,** અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી ધર્મેન્દ્રભાઈ દામજીભાઈ ચાવડાએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં કુંડલારોડ રસ્તે આવેલ **રે.સ.નં.૫૪૧/૩ પૈકી, ''જીવનધારા-૪''** માહે આવેલ પ્લોટ નં.૨ માં આવેલ રહેણાકનું મકાન જેમાં બે બેડરૂમ, લીવીંગરૂમ, કિચન, ટોઈલેટ દાદર ફળી સહ આવેલ છે. તેના **ચો.મી.- ૭૨.૫૬** છે. સદરહું મિલ્કત અમારા અસીલશ્રી ધર્મેન્દ્રભાઈ દામજીભાઈ ચાવડાએ **તા.૧૨/૦૩/૨૦૨૫ના નોટરાઈઝ બાનાખત નં.૨૮૬૨**થી કરી નરેશભાઈ પ્રાગજીભાઈ પરમાર પાસેથી ખરીદવા માંગે છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન મુળ ભગવાનજીભાઈ કાનજીભાઈ ટાંકની વડીલોપાર્જીતની હતી ત્યાર બાદ તેના વારસો વચ્ચે ભાઈઓ ભાગની વહેચણી થતા ભગવાનભાઈ કાનજીભાઈ ટાંકના માલીકી હકકે આવેલ ત્યાર બાદ તેઓ પાસેથી **રજી.વેચાણ દ.નં.૨૮૩૯** થી **તા.૨૯/૧૨/૨૦૦૩**ના રોજ (જેનો નવો **નં.૨૦૧૬/૨૦૦૪** છે) નં. (૧) સંદીપભાઈ મનસુખભાઈ કાબરીયા તથા કમળાબેન મનસુખભાઈ કાબરીયાએ ખરીદેલ છે અને સંદીપભાઈ મનસુખભાઈ કાબરીયા તથા કમળાબેન મનસુખભાઈ કાબરીયા બન્નેના કુલમુખત્યાર મનસુખભાઈ પોપટભાઈ કાબરીયા પાસેથી નરેશભાઈ પ્રાગજીભાઈ પરમારે **તા. ૨૧/૦૭/૨૦૧૨** ના રોજ **રજી વેચાણ દ.નં.૨૯૧૪** થી વેચાણ રાખેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહું મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોક્ત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હક્ક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દ્વારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દ્વારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહું મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી. તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૧૩/૦૩/૨૦૨૫.**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી.**

**સહી,**
**દિપક વી. નાગ્રેચા**
એડવોકેટ-અમરેલી.


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

પત્નીને અન્ય પુરુષ સાથે સંબંધ હોવાની આશંકામાં પતિએ હત્યાને અંજામ આપ્યો, આરોપી પતિની ધરપકડ

# લાઠીમાં ધુળેટીના દિવસે પતિએ છરીના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી

અમરેલી, તા. ૧૫

લાઠીમાં ધુળેટીના દિવસે પતિએ ખૂની ખેલ ખેલ્યો હતો. પતિએ તેની પત્નીને છરીથી રહેંસી નાખતા ખળભળાટ મચી ગયો હતો. ઘટના પાછળનું કારણ પત્નીને અન્ય પુરુષ સાથે સંબંધ હોવાની આશંકામાં પતિએ હત્યાને અંજામ આપ્યો હતો. ગુલાબભાઈ કરીમભાઈ સમાએ તેમની ૨૬ વર્ષીય પત્ની રેહાનાબેનની છરા વડે હત્યા કરી હતી. થોડા સમય પહેલા પત્ની રેહાનાનો હાથ પકડીને એક યુવક દુકાન પાસે ઊભો હતો, જે પરિણીતાના સસરાએ જોયું હતું. આ વાતની જાણ પતિ ગુલાબભાઈને થતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. પતિએ પહેલા છૂટાછેડા લેવાની વાત કરી હતી. જોકે, પરિવારજનોની સમજાવટથી



બંને વચ્ચે સમાધાન થયું હતું. પરંતુ ધુળેટીના દિવસે સાંજે ઘરમાં બંને એકલા હતા ત્યારે પતિએ પત્નીના ગળા અને પેટના ભાગે છરીના ઘા મારી હત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં લાઠી પોલીસ સ્થળ પર પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પતિ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો.

# દારૂના ધંધાની બાતમી આપવા બદલ મહિલાને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

**પતિના મિત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૧૫

અમરેલીમાં રહેતી એક પરિણીતાને દારૂના ધંધાની બાતમી આપવા બદલ ટાંટીયા ભાંગી નાખવાની અને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે પ્રિયાબેન હાર્દિકભાઈ માધવાણી (ઉ.વ.૪૦)એ ભયકુભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેના પતિ-સાહેદ હાર્દિક છેલ્લા પાંચેક વર્ષથી દારૂનો ધંધો કરતા હતા. તેણે તેના પતિ વિરુધ્ધ બાતમી આપીને, દારૂનો કેસ કરાવ્યો હતો. જે બાબતે બન્ને જણાને તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ સમાધાન થઈ જતા, બન્ને જણા જુદા જુદા ગામમાં ફરતા હતા. અઠવાડિયા પહેલા ચલાલા ગામથી ત્રણેક કિ.મી. દુર, ફાટક પાસે પહોચતા તેના પતિના ભાગીદાર આરોપી ભયકુભાઈ ધાખડા રહે.રાજકોટ વાળાએ વ્હોટસએપમાં ફોન કરીને ધંધામાં નુકાસાનીના પૈસા તેની પાસે માંગ્યા હતા. જેથી તેમણે પૈસા આપવાની ના પાડતા ગાળો આપીને, રાજકોટ આવ્યેથી ટાંટીયા ભાંગી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# પત્નીની નજર સામે જ પતિ પર ટ્રેક્ટરનું ટાયર ફરી વળ્યું

રાજુલા, તા.૧૫

અમરેલી જિલ્લામાં ગોઝારા અકસ્માતનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. ટ્રેક્ટરનું ટાયર ફરી વળતા ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકનું મોત થયું હતું. બનાવ અંગે રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના મોગર ગામના અને હાલ નવી બારપટોળી ગામે વાડી વિસ્તારમાં રહેતા પુંજાબેન રમેશસિંહ રાવત (ઉ.વ.૨૧)એ જાહેર કર્યા મુજબ, તેઓ તથા તેના પતિ રમેશસિંહ તથા તેની સાથે કામ કરતા શંભુસિંહ ત્રણેય ટ્રેક્ટર લઈ રાજુલાથી ખરીદી કરી પરત બારપટોળી તરફ આવતા હતા. આ સમયે ટ્રેક્ટર ચાલક શંભુસિંહે પોતાના હવાલાનું ટ્રેક્ટર પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવ્યું હતું. તેના પતિ ટ્રેક્ટરના પંખા ઉપર બેઠા હતા ત્યાંથી પછાડી દીધા હતા. જેથી તેના પતિ ઉપર ટ્રેક્ટરનું પાછળનું ટાયર ફરી વળ્યું હતું. ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

# અમરેલી જિલ્લામાં વિવિધ બનાવમાં પાંચ લોકોને જાનથી મારવાની ધમકી આપી

**ઝાંઝરડા ગામે બબાલમાં છુટા પાડવાનું મોંઘું પડ્યું**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવમાં ૫ લોકોને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. વઢેરા ગામે રહેતા અશ્વિનભાઈ માધાભાઈ બારૈયા (ઉ.વ.૨૪)એ નાનુભાઈ અરજણભાઈ બાંભણીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે આરોપીને ગાળો દેવાની ના પાડતાં કોયતો માર્યો હતો. ઉપરાંત લાકડાના ધોકા વડે માથાના ભાગે ઈજા કરી જાનથી મારવાની ધમકી આપી હતી. ઝાંઝરડા ગામે રહેતા હિંમતભાઈ રામભાઈ સરવૈયા (ઉ.વ.૩૦)એ કિરણભાઈ દેવશીભાઈ સરવૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અશ્વિનભાઈ તથા કિરણભાઈને રસ્તામાં બોલાચાલી થઈ હતી. જેથી તેમણે વચ્ચે પડીને છુટા પાડ્યા હતા અને ઘરમેળે સમાધાન થઈ ગયું હતું. જે બાબતનું મનદુઃખ રાખી તેમને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી. કિરણભાઈ દેવશીભાઈ સરવૈયાએ પણ હિંમતભાઈ રામભાઈ સરવૈયા સામે ઢીકાપાટુનો મુંઢમાર મારીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. રાજુલામાં રહેતા શાંતીભાઈ ભુપતભાઈ શીયાળ (ઉ.વ.૩૫)એ દિનેશભાઈ વશરામભાઈ બાંભણીયા સામે સાત મહિના પહેલા થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી છાતીના ભાગ પાસે બટકું ભરીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# લાઠીમાં વેપારીને વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડ્યું: જાનથી મારવાની ધમકી આપી

લાઠી, તા.૧૫

લાઠીના ચામુંડાનગરમાં રહેતા અને વેપાર કરતાં ગીરીશભાઈ નારીભાઈ હરીયાણી (ઉ.વ.૩૨)એ સુનિલભાઈ મોહનભાઈ હરીયાણી, ગોરધનભાઈ મોહનભાઈ હરીયાણી, રહે.બન્ને ઢસા (જંકશન) રામજી મંદિર પાછળ, ગીતાબેન રાજુભાઈ કરશનભાઈ ગાંધે, કમલેશભાઈ દેવકરણભાઈ ગઢવી, રામભાઈ બાઘાભાઈ ઢગલ, વાહીદભાઈ યુસુફભાઈ મહેતર, ભરતભાઈ દેવરાજભાઈ ગઢવી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ પાસેથી વિવિધ સમયે વ્યાજે રૂપિયા લીધા હતા. જેની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ તેમના માતાના નામના મકાનનો દસ્તાવેજ બળજબરીથી કઢાવી લીધો હતો. તેમજ સ્ટેમ્પ ઉપર સહીઓ કરાવી લઈ ગાળો આપી હતી. તમામ આરોપીએ તેમને વગર લાયસન્સે ઉંચા વ્યાજે નાણાં ધીરીને વ્યાજની પઠાણી ઉઘરાણી કરી હતી.

# બાબરાના અમરાપરા ગામે પુત્રએ પ્રેમલગ્ન કર્યાનો ખાર રાખી માતા પર હુમલો કર્યો

**ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

બાબરા, તા.૧૫

બાબરાના અમરાપરા ગામે પુત્રએ પ્રેમલગ્ન કર્યાનો ખાર રાખી તેની માતા પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રક્ષાબેન હરેશભાઈ સિદ્ધપુરા (ઉ.વ.૪૫)એ જગદીશભાઈ ધનજીભાઈ માંડાણી, કૈલાશબેન જગદીશભાઈ માંડાણી, ગૌતમભાઈ જગદીશભાઈ માંડાણી તથા પરેશભાઈ જેલાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરા નયન તથા આરોપી જગદીશભાઈની દીકરી સુમીતા જતા રહ્યા હતા અને તેમણે લગ્ન કરી લીધા હતા. આ વાતનો ખાર રાખીને તેમના ઘરે આવીને તેમને તથા તેમના દીકરાને જેમ-ફાવે તેમ ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ઉંટવડ ગામેથી કેબલ વાયરની ચોરી

બાબરા, તા.૧૫

બાબરાના ઉંટવડ ગામે રાજકોટ ભાવનગર હાઈવે ઉપર જય ખોડીયાર એન્ટરપ્રાઈઝ નામના સ્ટોન ક્રશરમાં કેબલ વાયરની ચોરી થઈ હતી. નવાણીયા ગામના મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, ઉંટવડ મુકામે રાજકોટ ભાવનગર હાઈવે ઉપર આવેલ જય ખોડીયાર એન્ટરપ્રાઈઝ નામના સ્ટોન ક્રશર (ભરડીયામાં) ત્રણ ચોર ઈસમો ચહેરા ઉપર કપડુ બાંધીને પ્રવેશ્યા હતા. ઈલેક્ટ્રીક પેનલ રૂમનું શટર ખોલી તેમાં રાખેલા વેલ્ડીંગ મશીન ઉપર વીંટાળી રાખેલ વેલ્ડીંગ મશીનનો કાળા કલરના રબરના કવર વાળો કોપર વાયર ચોરીને ફરાર થઈ ગયા હતા. તેની કિંમત આશરે રૂ.૭૦૦૦ જાહેર થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પ્રદિપકુમાર પીઠાભાઈ ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં નજીવી વાતમાં બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

રાજુલા, તા.૧૫

રાજુલામાં નજીવી વાતમાં બે પક્ષોમાં જામી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ઉતમભાઈ શંકરભાઈ ઝાપડીયા (ઉ.વ.૨૨)એ રવિભાઈ શાંતીભાઈ ચૌહાણ, કૃણાલભાઈ શાંતીભાઈ ચૌહાણ, શીવરાજભાઈ બાબુભાઈ કોટીલા, જશીબેન શાંતીભાઈ ચૌહાણ, હિનાબેન તથા રમેશભાઈ શંભુભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા બાપુજીનો દીકરો/ સાહેદ લાલજીભાઈ ઝાપડીયા વડલી રોડ, વાલ્મીકિ વાસમાં ઉભો હતો. તે વખતે આરોપીએ આવી સાહેદ લાલજીભાઈ ઝાપડીયાને કોઈ વ્યક્તિનું એડ્રેસ પુછતા લાલજીભાઈને ખબર ન હોય ના પાડી હતી. જેથી તેમને ગાળો દેવા લાગ્યા હતા. તેઓ જતા તેમને પણ ગાળો આપી હતી. ઉપરાંત પથ્થરોના છુટ્ટા ઘા મારી ફેક્ચરની ઈજા પહોંચાડી હતી. જે બાદ જશીબેન શાંતીભાઈ ચૌહાણ (ઉ.વ.૫૨)એ ભાવેશભાઈ ઉર્ફે મલ, ઉતમભાઈ શંકરભાઈ, ભરતભાઈ ચૌહાણ, લાલજીભાઈ ઝાપડીયા, હરીભાઈ બાબુભાઈ ચૌહાણ તથા અરવિંદભાઈ રવજીભાઈ ઝાપડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદો રાજુલા ગામમાંથી ખરીદી કરી પોતાના ઘરે જતા હતા તે વખતે આરોપીએ તમે અહી કેમ નીકળો છો, તમારે અહીથી નહીં નીકળવાનું તેમ કહી ગાળો આપી ઝઘડો કર્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૬ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૧૦૫૦ |
| બાજરી | ૩૯૦ | ૫૨૦ |
| તુવેર | ૧૦૭૫ | ૧૪૧૮ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૨૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૯૮૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| મગ | ૧૫૨૧ | ૧૮૭૮ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૩૬૦ |
| વટાણા | ૯૫૦ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૯૪ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૮૦ |
| તલી | ૧૪૫૦ | ૧૯૨૦ |
| એરંડા | ૧૧૯૧ | ૧૨૨૧ |
| અજમો | ૨૦૨૦ | ૨૨૦૦ |
| સુવા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| સોયાબીન | ૬૭૫ | ૭૮૭ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૬૯૯ | ૫૪૯૫ |
| લસણ | ૯૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૮૯૦ |
| ધાણી | ૧૨૦૦ | ૨૧૦૦ |
| વરીયાળી | ૧૧૧૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૩૫૨૫ | ૩૯૬૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૯૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૫૦ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૫૦ | ૪૦૦ |
| બટેટા | ૧૩૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૦૦ |
| ટમેટા | ૧૨૦ | ૨૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૩૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૭૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૧૬૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૨૦ | ૩૩૦ |
| રીંગણાં | ૩૬૦ | ૪૨૦ |
| ફુલાવર | ૧૭૦ | ૨૨૦ |
| કોબીજ | ૭૦ | ૧૦૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૪૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૩૦ | ૩૪૦ |
| કરેલા | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મૂળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૩૫૦ | ૫૫૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૫૫૦ |
| બીટ | ૧૨૦ | ૧૬૦ |
| સરગવો | ૩૫૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૫૧૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૫૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૩૫૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૭૦૦ |
| લસણ સૂકું | ૯૦૦ | ૧૪૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૮૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૦૦૯ | ૧૦૩૫ |
| શિંગ મોટી | ૮૮૦ | ૧૦૬૯ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૩૧૯ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૩૫ |
| જુવાર | ૭૮૦ | ૮૨૦ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૪૨ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૨૧ |
| ચણા | ૮૫૦ | ૧૦૦૬ |
| તુવેર | ૮૦૦ | ૧૩૮૨ |
| કપાસ | ૯૬૨ | ૧૪૬૯ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૧૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૯૦ |
| સોયાબીન | ૬૧૫ | ૬૭૨ |
| મેથી | ૭૭૦ | ૯૨૫ |
| ધાણી | ૧૦૦૦ | ૨૨૦૦ |
| સફેદચણા | ૧૦૪૨ | ૧૦૪૩ |
| ચણાદેશી | ૧૦૩૦ | ૧૦૬૮ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૨ | ૧૪૯૮ |
| કપાસ મીડીયમ | ૧૧૬૮ | ૧૩૭૨ |
| મગફળી જી૨૦ | ૯૫૦ | ૯૮૦ |
| ચણા | ૯૯૧ | ૧૦૧૯ |
| જીરૂ | ૩૪૪૫ | ૩૮૯૫ |
| ઘઉં | ૪૭૯ | ૫૫૧ |
| તુવેર | ૧૨૪૦ | ૧૩૬૦ |
| ધાણા | ૧૨૧૫ | ૧૮૨૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૦ | ૧૩૭૬ |
| મગફળી | ૯૩૩ | ૯૩૩ |
| ઘઉં | ૪૨૪ | ૪૮૦ |
| ચણા | ૮૨૫ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૨૪૫ |
| ધાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| રાઈ | ૧૧૭૫ | ૧૧૭૫ |
| સોયાબીન | ૫૧૦ | ૭૧૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૯૪૧ | ૧૦૪૬ |
| શીંગ જી૨૦ | ૧૦૪૧ | ૧૦૪૧ |
| જુવાર | ૪૦૦ | ૯૧૯ |
| બાજરી | ૫૮૮ | ૬૪૬ |
| ઘઉંટુકડા | ૪૧૧ | ૬૦૪ |
| મકાઈ | ૬૨૮ | ૬૨૮ |
| અડદ | ૮૫૦ | ૧૧૫૧ |
| ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| મેથી | ૮૮૦ | ૧૦૩૧ |
| ચણાનં.૩ | ૯૫૧ | ૧૦૧૪ |
| ચણા દેશી | ૧૦૪૩ | ૧૧૦૫ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૨૧૨૨ |
| તુવેર | ૫૮૦ | ૧૨૯૫ |
| જીરૂ | ૩૯૩૫ | ૪૧૩૫ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૩૨૬ |
| ડુંગળી સ.ડી. | ૧૬૫ | ૨૩૭ |
| ડુંગળી સ.એ | ૨૬૮ | ૩૩૦ |
| નાળીયેર | ૧૩૦૬ | ૨૩૬૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૬૫૧ | ૬૫૧ |
| બાજરો | ૫૬૫ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૫૯ |
| જુવાર | ૬૭૧ | ૯૭૦ |
| તુવેર | ૧૨૭૨ | ૧૨૭૨ |
| ચણા | ૯૫૧ | ૧૦૨૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૫૩૫ | ૩૫૩૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૪૦ | ૧૪૩૧ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૧૫ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| ઘઉં | ૪૮૪ | ૪૮૪ |
| ધાણા | ૧૪૬૧ | ૧૪૬૧ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૩૯૮ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૧૨ |
| ચણા | ૭૮૫ | ૧૦૮૪ |
| મેથી | ૭૫૦ | ૮૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૨૫ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૫૦ |
| શીંગફાડા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| જુવાર | ૩૫૦ | ૩૫૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૦૦ | ૭૬૫ |
| બાજરો | ૪૦૦ | ૫૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૩ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૬૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૭૫ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| મેથી | ૮૬૦ | ૯૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૧૮૦૦ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૬ |
| રાઈ | ૧૦૫૦ | ૧૨૨૦ |
| કપાસ | ૭૫૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૨૩૦૦ | ૪૦૨૫ |
| અજમો | ૧૭૧૦ | ૩૧૦૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૮૫ |
| ધાણી | ૧૬૦૦ | ૧૯૮૦ |
| ડુંગળીસુકી | ૬૫ | ૪૪૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૫ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૮૬ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૪૮૪ | ૭૦૨ |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૬૧ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૦૮૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૦૧ |
| શીંગફાડા | ૮૪૧ | ૧૨૧૧ |
| એરંડા | ૧૨૨૬ | ૧૨૫૬ |
| તલ | ૧૮૬૧ | ૨૦૦૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૨૨૫૧ | ૩૯૩૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૧૪ |
| બાજરો | ૪૦૧ | ૪૫૧ |
| જુવાર | ૪૩૧ | ૯૫૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૧ |
| વાલ | ૯૩૧ | ૧૩૭૧ |
| અડદ | ૯૫૧ | ૧૩૭૧ |
| તુવેર | ૯૭૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૪૦૧ | ૭૭૧ |
| રાયડો | ૯૭૧ | ૧૦૩૧ |
| રાઈ | ૮૩૧ | ૧૦૫૧ |
| મેથી | ૮૭૧ | ૧૦૪૧ |
| કળથી | ૪૯૧ | ૮૦૧ |
| કાંગ | ૫૮૧ | ૭૦૧ |
| વટાણા | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ચણા સફેદ | ૯૫૦ | ૧૭૧૧ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦ | ૧૪૫૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| ચણા | ૯૦૦ | ૯૮૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૬ |
| મગફળી | ૭૦૦ | ૮૫૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૪૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૦૫ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૭ | ૧૪૪૮ |
| એરંડા | ૧૧૨૭ | ૧૧૨૭ |

# દત્તાત્રેયજી અને બૌદ્ધોની ધ્યાને લેવા લાયક માગણીઓ



**સંઘના સરકાર્યવાહ દત્તાત્રેયજી હોસબોળેએ માગણી કરી છે કે ભારત દેશનું નામ ભારત જ હોવું જોઈએ. 'છાવા' ફિલ્મ પછી કેટલાક યુવાનોએ અકબર માર્ગ અને હુમાયૂં માર્ગનાં નામોનાં પાટિયાં કાળાં કરી નાખ્યાં હતાં. તો બૌદ્ધ સંગઠને પણ મોગલોનાં નામો પરથી રસ્તાઓનાં નામો બદલવા માગણી કરી છે.**

હમણાં બે ઘટનાક્રમો થયા. એક તરફ, સંઘના સરકાર્યવાહ (મહા મંત્રી) દત્તાત્રેય હોસબોળેજીએ કહ્યું કે ભારતને ભારત તરીકે જ બોલાવવું જોઈએ. તો પછી 'કૉન્સ્ટિટ્યૂશન ઑફ ઇન્ડિયા', 'રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા' તરીકે કેમ બોલાવાય છે? જી-૨૦ શિખર પરિષદ વખતે રાષ્ટ્રપતિ ભવન અને વડાપ્રધાન તરફથી અપાયેલી આમંત્રણપત્રિકામાં અંગ્રેજી ભાષામાં ભારત લખાયેલું હતું. અંગ્રેજીમાં કૉન્સ્ટિટ્યૂશન ઑફ ઇન્ડિયા છે અને હિન્દીમાં ભારત કા સંવિધાન. કૉન્સ્ટિટ્યૂશન ઑફ ઈન્ડિયા, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, આવું કેમ છે? જો દેશનું નામ ભારત હોય તો માત્ર ભારત જ હોવું જોઈએ.''

તેમણે એમ પણ કહ્યું કે ભારતીયોએ મોગલ કાળમાં ક્યારેય લઘુતાગ્રંથિ નથી અનુભવી પરંતુ બ્રિટિશરોએ અંગ્રેજી સંસ્કૃતિ શ્રેષ્ઠ છે તેવું ભારતીયોના મગજમાં ઠસાવી દીધું છે.''

આની સામે આસામના ઑલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના ધારાસભ્ય અને મહા મંત્રી ડૉ. હાફિઝ રફિકુલ ઈસ્લામે કહ્યું કે ''(દત્તાત્રેયજીનું) નિવેદન ઘૃણાથી ભરપૂર છે. આપણે આપણા દેશને ભારત, ઈન્ડિયા અને હિન્દુસ્તાન ગર્વ સાથે કહીએ છીએ.'' જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ પણ આ જ કહ્યું કે, ''આપણે આપણા દેશને ભારત, ઈન્ડિયા અને હિન્દુસ્તાન કહીએ છીએ. જેને જે નામે દેશને બોલાવવો હોય તે નામે બોલાવી શકે છે. આપણે ઈન્ડિયન ઍરફૉર્સ, ઈન્ડિયન આર્મી કહીએ છીએ અને આપણે 'સારે જહાં સે અચ્છા, હિન્દુસ્તાન હમારા' ગાઈએ છીએ.''

સીપીઆઈના સાંસદ પી. સંતોષકુમારે મુદ્દાની વાત કરી. ''તો પછી તેમને કહો કે આરએસએસ દૂર કરે. આ બધા અંગ્રેજી આદ્યાક્ષરો છે. તેમના નામમાં અંગ્રેજી આદ્યાક્ષરો શું કામ રાખે છે? શું આ હિન્દી મૂળાક્ષરો છે? બંધારણનો અનુચ્છેદ ૧ સ્પષ્ટ રીતે દેશનું નામ કહે છે. ભારતમાં આને વિવાદનો વિષય બનાવવામાં કોઈ સાર નથી.''

જમ્મુ-કાશ્મીરના વિપક્ષના નેતા અને ભાજપના ધારાસભ્યો સુનિલ શર્માએ દત્તાત્રેયજીના નિવેદનને સમર્થન આપતા કહ્યું કે ઈન્ડિયાને સત્તાવાર રીતે ભારત તરીકે બોલાવવું જોઈએ. આ શબ્દ ભારતના સમૃદ્ધ સંસ્કૃતિ અને સભ્યતાનો પરિચાયક છે.

દત્તાત્રેયજીની વાત સાચી છે અને ભાજપને વારંવાર યાદ અપાવતા રહેવું પડે છે. એમાં કોઈ શંકા નથી કે મોદીજીના આવ્યા પછી ગુડગાંવનું ગુરુગ્રામ, અલ્હાબાદનું પ્રયાગરાજ, ફૈઝાબાદ જિલ્લાનું અયોધ્યા જિલ્લો, રાજપથનું કર્તવ્યપથ થયું છે. પરંતુ આ પ્રક્રિયા બહુ ધીમી છે. જી-૨૦ શિખર પરિષદ વખતે આમંત્રણપત્રિકાના સમાચાર જાણીને ભારતપ્રેમીઓમાં ઉત્સાહ જાગ્યો હતો. લોકોનું સમર્થન પ્રાપ્ત થયું હતું જે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીનાં પરિણામોરૂપે પણ પડઘાયું હતું પરંતુ મોદી સરકારે એ મુદ્દો છેડીને કોરાણે મૂકી દીધો.

સંઘનું કામ મોદી સરકારને ભારતીય સંસ્કૃતિ, ભાષા અને વારસા પર વારંવાર સ્મરણ આપવાનું છે. દત્તાત્રેયજીએ એ જ કર્યું છે. ખરેખર તો જે રીતે સ્વતંત્રતાપ્રાપ્તિ પછી શ્રીલંકાએ પોતાનું નામ સિલોનમાંથી શ્રીલંકા કરી નાખ્યું તે જ રીતે ભારતનું નામ ભારત ૧૯૪૭માં થઈ જવું જોઈતું હતું પરંતુ સ્વતંત્રતાનાં ૭૭ વર્ષ પછી પણ આ માગણી હજુ કરવી પડે છે તે કેવી દુઃખની વાત છે. તુર્કીએ ત્રણ વર્ષ પહેલાં પોતાનું નામ તુર્કિયે કરી નાખ્યું. બર્માનું મ્યાંમાર ઈ. સ. ૧૯૮૯માં થઈ ગયું. પર્શિયા ઈ. સ. ૧૯૩૫માં ઈરાન થઈ ગયું. સિઆમનું નામ ઈ. સ. ૧૯૩૯માં થાઈલેન્ડ થઈ ગયું. સામ્યવાદીઓએ કમ્બોડિયા (મહર્ષિ કમ્બ પરથી આ નામ પડ્યું છે)નું ઈ. સ. ૧૯૭૫માં ડેમોક્રેટિક કમ્પૂચિયા કર્યું હતું પરંતુ ઈ. સ. ૧૯૯૩માં દેશનું નામ ફરી કમ્બોડિયા થઈ ગયું. હૉલેન્ડ ઈ. સ. ૨૦૨૦માં નેધરલેન્ડ્સ થઈ ગયું. આઈરિશ ફ્રી સ્ટેટ ઈ. સ. ૧૯૩૭માં આયર્લેન્ડ થઈ ગયું હતું. ઈ. સ. ૨૦૧૮માં આફ્રિકાના સ્વાઝિલેન્ડનું નામ એસ્વાતિની કરી નાખવામાં આવ્યું. એક સમયે ઝિમ્બાબ્વેનું નામ રહૉડેશિયા હતું જે દાસતાનું પ્રતીક હતું. તે બદલીને ઝિમ્બાબ્વે કરી નખાયું હતું.

વિચાર કરો કે એસ્વાતિની, એક નાનકડો દેશ મ્યાંમાર, ઝિમ્બાબ્વે, આયર્લેન્ડ, કમ્બોડિયા, શ્રીલંકા વગેરે પોતાનાં મૂળ નામ સ્વતંત્રતા પ્રાપ્ત થાય પછી બદલી શકે છે પરંતુ ભારતનું નામ ભારત કરવામાં આપણા દેશના વિપક્ષોને વાંધો છે.

અને છેલ્લા કેટલાક સમયથી હિન્દી અને પ્રાદેશિક મીડિયામાં પણ ઈન્ડિયા શબ્દ વાપરવાનું ચલણ વધ્યું છે. ખાસ કરીને હવે તો અંગ્રેજી શબ્દો છૂટથી વપરાય છે તેથી ઈન્ડિયન ઍર ફૉર્સ કા શાનદાર શૉ આવું હેડિંગ આપે છે. ટીમ ઈન્ડિયાને કર દિખાયા કમાલ. એટલું જ નહીં, પણ રૉમન લિપિ (સ્ક્રિપ્ટ) એટલે કે અંગ્રેજી જે લિપિમાં લખાય છે તે લિપિમાં PM Modi લખવું, Team India हांसिल की व्हीत. આમ, એક તરફ અંગ્રેજી અને બીજી તરફ ઉર્દૂ આવાં હેડિંગ વધતા જાય છે અને આ રીતે ભારતીય ભાષાઓ નામશેષ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

એ તો ઠીક, પણ હવે સંસ્થાઓનાં નામો પણ અંગ્રેજી આદ્યાક્ષરો પ્રમાણે જ લખાય છે. એક સમય હતો કે હિન્દી મીડિયામાં પણ બીએસએફ માટે સીમા સુરક્ષા દળ લખાતું હતું. હવે બીએસએફ જ લખાય છે. બીસીસીઆઈ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બૉર્ડ લખાતું હતું. સર્વોચ્ચ ન્યાયાલયના બદલે હવે SC જ હિન્દીમાં લખાય છે. અને આવાં નવાં-નવાં ટૂંકા રૂપવાળા શબ્દો વધી રહ્યા છે. જો પત્રકારોની પરીક્ષા લેવામાં આવે તો બીએસએફ, સીઆરપીએફ, બીસીસીઆઈ, સીબીઆઈ, રૉ, ડીઆરડીઓ વગેરે અનેક સંસ્થાઓનાં પૂરાં નામ કદાચ કેટલા કહી શકશે તે પ્રશ્ન છે.


**વિચાર વલોણું**
**જયવંત પંડ્યા**

એ તો ચાલો માન્યું કે અંગ્રેજોએ ભારતને ઈન્ડિયા નામ આપ્યું અને આજ સુધી તે ચાલ્યું આવે છે. તેમાં અટલજીની છ વર્ષ ચાલેલી સરકાર અને મોદીજીની અગિયાર વર્ષથી ચાલતી સરકાર પણ આવી ગઈ. પરંતુ નવાં નામ અંગ્રેજીમાં શા માટે અપાય છે? દા. ત. અમદાવાદમાં સરદાર પટેલ રિંગ રોડ છે તેનું એસ. પી. રિંગ રોડ કહે છે. ભાવનગરમાં આવા રસ્તાને શહેર ફરતી સડક કહેવાતી હતી. સ. પ. સડક શા માટે ન કહી શકાય? અગાઉ બધા મહાનુભાવો પોતાનાં નામો ટૂંકમાં ભારતીય ભાષા પ્રમાણેના આદ્યાક્ષરો પ્રમાણે લખતા હતા. દા. ત. લેખક લાભશંકર ઠાકર ટૂંકમાં લા. ઠા. તરીકે ઓળખાય છે. મરાઠી લેખક પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે પુ. લ. દેશપાંડે તરીકે જ ઓળખાય છે. મહાન વિદ્વાન કેશવરામ કાશીરામ શાસ્ત્રી કે. કા. શાસ્ત્રી તરીકે વધુ ખ્યાત છે.

તાજેતરમાં કાંકરિયા પરિસરમાં બાલવાટિકાનું નામ ચાચા નહેરુ બાલવાટિકા અપાયું હતું. તેને બદલીને ભાજપે બાલવાટિકા ફન કાર્નિવલ કરી નાખ્યું. આ ફન કાર્નિવલ શા માટે? કરવેરાનું નામ જીએસટી શા માટે? જેમ સીઆરપીસીનું નામ ન્યાય સંહિતા કરાયું તેમ જીએસટીનું નામ પણ ભારતીય રાખી શકાયું હોત. પરંતુ આપણે ત્યાં રમણલાલ નીલકંઠ જેવા લેખકોએ ભદ્રંભદ્ર પાત્ર સર્જી અને રેલગાડીનું લોહપથગામિની જેવા અઘરા અનુવાદો આપીને તેને હાસ્યાસ્પદ બનાવી દઈ ગુજરાતીઓમાં જેમ લઘુતાગ્રંથિ સર્જી દીધી કે અંગ્રેજી કે અન્ય ભાષાના શબ્દોને બદલે આપણે મૌલિક નામો અને અનુવાદનું વિચારીએ જ નહીં તેવું સમગ્ર ભારતમાં થયું છે. ભારતનું ભારત કરવામાં વિપક્ષો વિરોધ કરી રહ્યા છે.

અને સીપીઆઈના સંતોષકુમારે પણ ટોણો બરાબર માર્યો છે કે સંઘને આરએસએસ કેમ કહેવામાં આવે છે? '૯૦ના દાયકા સુધી સંઘના લોકો પણ સંઘને રા. સ્વ. સંઘ તરીકે જ લખતા અને બોલતા હતા. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું અ. ભા. વિ. પ. હતું. વિશ્વ હિન્દુ પરિષદનું વિ. હિ. પ. હતું. ભારતીય જનતા પક્ષ નામ રાખવા પાછળ અટલજી-અડવાણીજી-મુરલી મનોહર જોશી-કુશાભાઈ ઠાકરે-કે.આર. મલકાણી, સુંદરસિંહ ભંડારી વગેરેનો ઉદ્દેશ્ય ભારતીય ભાષાને ઝળકાવવાનો હતો, નહીંતર કેજરીવાલે જેમ આમ આદમી પાર્ટી રાખ્યું તેમ ભારતીય જનતા પાર્ટી રાખી શકાયું હોત. અને એટલે જ તે બધાના આગ્રહથી જ આ પક્ષ આજે ભા.જ.પ. તરીકે ઓળખાય છે. જોકે મોદી કાળમાં તે બીજેપી તરીકે વધુ ઓળખાય અને બોલાય છે. ભાજપવાળા પોતે પણ બીજેપી-બીજેપી કરે છે.

એ તો કરે કારણકે એ રાજકારણી છે તેમ વાહિયાત કારણ આપી શકાય, પરંતુ વિચારધારાને વરેલા હિન્દુવાદી સંગઠનો પોતાનાં નામો આરએસએસ, વીએચપી, એબીવીપી, બીએમએસ કેમ કહે છે તેવો ડાબેરી નેતા સંતોષકુમારનો ટોણો સાવ ફગાવી દેવા જેવો નથી. હિન્દુવાદી સંગઠનોના લોકોમાં પણ અંગ્રેજી-ઉર્દૂનું ચલણ વધ્યું છે. આજે ભારતીય બેઠક વ્યવસ્થા ગાયબ છે. ભોજનમાં પંગત ગાયબ છે. આ બધા પ્રશ્નો આવવાના છે.

આ લેખની શરૂઆત આપણે બે ઘટનાક્રમોની વાતથી કરી હતી. બીજો ઘટનાક્રમ છે- દિલ્લીમાં ભાજપના પ્રધાનોએ પોતે તુગલક લેન નામના રસ્તા પર રહેતા હોય તો પોતાના સરનામામાં 'સ્વામી વિવેકાનંદ માર્ગ' કરી નાખ્યું. આ પણ જી-૨૦ની આમંત્રણપત્રિકા જેવો જ એક કાંકરીચાળો છે. કરવું હોય તો સત્તાવાર કરી નાખો ને? આ રીતે ભ્રમમાં શું કામ નાખો છો? અને આવું કટકે-કટકે શા માટે? ૧૯૮૭થી અમદાવાદનું કર્ણાવતી કરવાની વાત થઈ. એનડીએ શાસનમાં અડવાણીજીએ પણ આ માગ ફગાવી દીધી હતી. તે વખતે એવું કારણ અપાતું હતું કે મોરચા સરકાર છે તેથી ન થઈ શકે અને હવે એવું કારણ અપાય છે કે અમદાવાદને વારસા શહેરનો (હેરિટેજ સિટી)નો દરજ્જો મળ્યો છે તે જતો રહે. જતો રહે તો જતો રહે. ગુજરાતનું બજેટ અધધ હોવાનું ગૌરવ લો છો તો પછી હેરિટેજ સિટી માટે મળતા ફંડ માટે સંયુક્ત રાષ્ટ્રો પર શા માટે નિર્ભર રહેવું છે? આ જ રીતે દિલ્લીમાં તારિક ફતેહ ન હોત તો ઔરંગઝેબ માર્ગનું નામ પણ કલામ માર્ગ ન થયું હોત. દિલ્લીમાં હજુ પણ હુમાયૂં માર્ગ, વી. કે. મેનન માર્ગ, લોદી માર્ગ, શાહજહાં માર્ગ છે.

આનંદની વાત એ છે કે ઈન્ડિયન બુદ્ધિસ્ટ એસોસિએશને ૧૧ માર્ચે જ મોગલોનાં નામવાળા રસ્તાનાં નામ બદલવાની માગણી કરી છે અને જો તેમ નહીં થાય તો રસ્તાનાં નામસૂચક પાટિયાં કાળાં કરી નાખવા ધમકી આપી છે. 'છાવા' ફિલ્મ જોયા પછી દિલ્લીમાં કેટલાક યુવાનોએ અકબર માર્ગ અને હુમાયૂં માર્ગનાં નામપ્રદર્શક પાટિયાં કાળાં કરી નાખ્યાં હતાં. હવે તો દિલ્લીમાં પણ ભાજપ સરકાર છે. જ્યાં-જ્યાં ભાજપ સરકારો છે ત્યાં-ત્યાં નામો એકસામટા બદલી નાખો. અભિનેતા ઋષિ કપૂરે તો ૨૦૧૬માં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે અનેક રસ્તાઓનાં નામ ગાંધી પરિવારના સભ્યોનાં નામ પરથી કેમ છે?

આજે પણ ગુજરાતમાં વિધાનસભા જવું હોય તો ઈન્દિરા ગાંધી માર્ગ પરથી જવું પડે છે. ઈન્દિરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટી છે. ભારતના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળ આવતા સંગઠનનું નામ નહેરુ યુવા કેન્દ્ર સંગઠન છે ! આ જ મંત્રાલય હેઠળ એક બીજી સંસ્થાનું નામ છે- રાજીવ ગાંધી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ યૂથ ડેવલપમેન્ટ.

એ તો ઠીક પણ અંગ્રેજોએ કેટલાંક શહેરો અને અટકોનાં નામો અંગ્રેજીમાં બગાડી નાખ્યાં હતાં. જેમ કે મેરઠનું Meerut લખાય છે. Rathod (રાઠોડ)નું Rathor (રાઠોર)લખાય અને બોલાય છે. રાવડી રાઠોડ ફિલ્મ જોશો તો અક્ષયકુમાર રાથોર બોલે છે કારણકે તેમને હિન્દી ભાષાના સંવાદો રૉમન લિપિમાં અપાય છે અને ઉચ્ચાર બાબતે ઉર્દૂ શબ્દોમાં ખ અને ઘ ગળામાંથી થૂક નીકળે તેમ બોલવું જોઈએ તેનું જેટલું ધ્યાન રખાય છે તેટલું ધ્યાન હિન્દી બાબતે નથી રખાતું. છત્તીસગઢ Chhattisgarh તરીકે લખાય છે. અનેક હિન્દુવાદીઓ પણ મુંબઈના બદલે બૉમ્બે અને વડોદરાના બદલે બરોડા બોલવામાં ગૌરવ લે છે. અમદાવાદમાં ચીમનભાઈ પટેલ અને પ્રબોધ રાવલ નામના કૉંગ્રેસના ૮૦-૯૦ના દાયકાના દિગ્ગજ નેતાઓના નામે બ્રિજ હોઈ શકે છે પરંતુ મોટેરા સ્ટેડિયમનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરાયું તો વિપક્ષો તો ઠીક, ગુજરાતી સેક્યુલર પત્રકારોના પેટમાં પણ તેલ રેડાયું હતું. આટલા મોટા સાહિત્યકાર, બંધારણના ઘડવૈયા પૈકીના એક, રાષ્ટ્રવાદી કનૈયાલાલ મુન્શી, સાહિત્યકાર-તંત્રી હરકિશન મહેતા, હરીન્દ્ર દવે, વિચારકો-સંગઠકો દત્તોપંતજી ઠેંગડી અને નાનાજી દેશમુખ, જનસંઘના આદ્ય નેતાઓ પૈકીના વસંત ગજેન્દ્ર ગડકર, નાથાલાલ ઝઘડા વગેરેનાં નામો પરથી યોજના, રસ્તા, સંસ્થાનાં નામો કેમ ન હોઈ શકે? જે લોકો કહે છે કે નામમાં શું રાખ્યું છે, તેઓ નામ બદલીને (અને બગાડીને) બેઠા છે તે ભૂલવું ન જોઈએ અને ફરી સત્તામાં આવશે તો ઉલટું મોગલો-અંગ્રેજો અને ગાંધી પરિવારનાં નામ પરથી નામો વધશે જ.


jaywant.pandya@gmail.com


# ભાષા-રાજનીતિનો વિષય નથી




આપણે આપણા કાયમી ભૌગોલિક વિસ્તારની બહાર નીકળીને બીજા અપરિચિત વિસ્તારમાં જઈએ ત્યારે પહેલો પડકાર આબોહવા અને બીજો પડકાર ભાષા હોય છે. ત્રીજું ખાનપાન અને ચોથો એ વિસ્તારનો સ્થાનિક માણસ હોય છે. ગુજરાતમાં કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલાય. બોલી એટલે એક જ ભાષાના અલગ અલગ મિજાજ. કાઠીયાવાડ, કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, આદિવાસી પટ્ટો જેવા ભૌગોલિક ભૂભાગમાં પણ ભાષાનું ઉચ્ચારણ, લઢણ, લહેકો, ઉષ્મા બદલાઈ જાય છે. દરેક ભાષાનું પોતાનું ગૌરવ હોય છે. માતૃભાષા, દૂધભાષા, રાષ્ટ્રભાષા, વ્યવહારની ભાષાનો દરેકનો અલગ મુકામ છે. માણસ જે ભાષામાં રડે છે, લડે છે, હસે છે, ગમગીન થાય છે, શાયરી કરે છે, ગાળો બોલે છે, એ ભાષા એના જીવનમાં વણાઈ ગયેલી હોય છે. આ ભાષા સિવાય બીજી ભાષા શીખવા પ્રયત્ન કરવો પડે છે. એ ભાષા, અને એ ભાષા બોલતી વ્યક્તિ પ્રત્યે એક તંતુ બંધાયેલો રહે છે. દુનિયાના કોઈ ખુણે હમઝુબાં મળી જાય તો લાગણી થઈ આવે છે. પોતાના પ્રાંતની ભાષા, પોતાના દેશની જબાન કોઈ અજાણી જગ્યાએ પણ, કોઈ અજાણી વ્યક્તિના મોઢેથી પણ સંભાળવી ગમે છે. અમેરિકાના હ્યુસ્ટનમાં એક તમાકુના સ્ટોરવાળો હિન્દી બોલ્યો ત્યારે ખુબ આનંદ થયેલો. એણે કહેલું કે હું સામાન હિન્દુસ્તાનથી લાવું છું, અને મારા લગભગ ઘરાક અમેરિકનો છે. હું પાકિસ્તાની છું. મને એણે મારી જોઈતી ચીજ મફત આપેલી. આગ્રહ છતાં પૈસા ન લીધા. એણે બોલેલા અલ્ફાઝ મારા દેશની ભાષાના હતા, મારી રાષ્ટ્રભાષાના હતા. એ ભાષા જે મારું ગૌરવ છે. મેં નિશાળમાં ગાયેલું હતું, '' હિન્દી હૈ હમ, વતન હૈ, હિન્દોસ્તાન હમારા...'' અને કબીર વાંચ્યા હતા જેણે લખ્યું હતું કે '' જૈસા પાની પીજિયે તૈસી બાની હોય...'' હું હિન્દુસ્તાનનું પાણી પી ને ગયો હતો. ભાષા પર અન્ય ભાષાના આક્રમણો થતા રહે છે. આ ખુબ જુનો વિષય છે. અંગ્રેજો આખા વિશ્વમાં ઘૂસી ગયા અને અંગ્રેજી ભાષા ઘુસાડી ગયા. આજે અંગ્રેજી વિશ્વભાષા બની ગઈ છે. આંતરરાષ્ટ્રીય ભાષા બની ચૂકી છે. અલબત આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનાઓ હજુ પણ બેધડક '' નો ઈંગ્લીશ... નો ઈંગ્લીશ...'' નો આગ્રહ રાખે છે. અદ્દલ એવો જ આગ્રહ ઘણી વખત દક્ષિણ ભારતના અમુક રાજ્યોમાં જોવા મળે છે... ''નો હિન્દી... નો હિન્દી....'' જ્યારે અહી અંગ્રેજી ભાષાનું આક્રમણ થયું ત્યારથી ગુજરાતની એક પેઢી અંગ્રેજીના ડાયેરિયા, નોલેજ, ન્યુમોનિયા જેવા શબ્દોમાં ખુંપી ગઈ છે. શિક્ષણના માધ્યમ અંગેના કલ્પાંતો આપણને સંભળાતા રહે છે. બંને બાજુના પક્ષધરો હાજર છે.

આઝાદી પહેલા ૧૯૨૧માં ભાષાવાર પ્રાંત રચવાનું વચન કોંગ્રેસે આપેલું. ૧૯૨૮માં 'નેહરુ રિપોર્ટ' પ્રસિદ્ધ થયો જેમાં પણ ભાષાવાર પ્રાંતના વચનની ખાતરી આપવામાં આવી હતી. આઝાદી બાદ ૧૯૪૭માં બંધારણ સભામાં ખુદ વડાપ્રધાન નેહરુએ ભાષાવાર પ્રાંત રચવાના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો અને ૧૯૫૩માં હૈદરાબાદમાં મળેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં પણ એ નિર્ણય સર્વાનુમતે સ્વીકારવામાં આવેલો. દરમિયાન ૧૯૫૨માં અલગ તેલુગુભાષી આંધ્રપ્રદેશની માગણી સાથે પોટ્ટી શ્રીરામુલુએ આમરણ ઉપવાસ કર્યા. ૫૬ દિવસના ઉપવાસ બાદ તેમનું મૃત્યુ થયું અને તોફાનો ફાટી નીકળ્યાં, પરિસ્થિતિ બેકાબૂ બની અને કેન્દ્ર સરકારે તરત અલગ આંધ્રપ્રદેશનું વચન આપી દીધું. તેનો અમલ પણ કરી દીધો. આઝાદ ભારતમાં ભાષા આધારિત પ્રાંતરચનાનો આ પહેલો પ્રસંગ હતો. મહાગુજરાતની ચળવળ કતારમાં હતી. ગુજરાતીઓ મહાગુજરાત નામની ચળવળ ચલાવીને મહારાષ્ટ્રમાંથી અલગ થયા અને પ્રદેશનું નામ રાખ્યું ગુજરાત. જે મહાગુજરાત પણ રાખી શકાતું હતું. આમ, હિન્દુસ્તાન ભાષાના આધારે ટુકડા થતો રહ્યો.


**રાજકીય રસધાર**
**પ્રવીણ માધાણી**

તાજેતરમાં કેન્દ્ર સરકાર થ્રી લેંગ્વેજ પોલીસી લાવી છે. ૧૯૮૬ બાદ ૩૪ વર્ષે ભારત સરકારે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ઘડી છે. ભારતના શિક્ષણ ક્ષેત્રે આ એક મોટો બદલાવ ગણાવાઈ રહ્યો છે. શિક્ષણ બંધારણની સમવાઈ સૂચિમાં છે. રાજ્ય અને કેન્દ્ર બંને સરકારોની સંયુક્ત જવાબદારી છે. આ પોલીસીનો તમિલનાડુ સરકારે વિરોધ કર્યો છે. એણે કહ્યું છે કે અમારા પર પરાણે હિન્દી ભાષા થોપવામાં આવી રહી છે. અમે બે ભાષા, એક અંગ્રેજી અને બીજી તમિલ સાથે બરાબર છીએ. હિન્દી અમારી સ્થાનિક ભાષાને ખતમ કરી નાખશે, આ કેન્દ્ર સરકારનું કાવતરું છે. તામિલનાડુનો હિન્દી ભાષા વિરોધ નવો નથી. ૧૯૩૭ માં, અંગ્રેજી શાસન દરમિયાન, મદ્રાસ પ્રેસિડેન્સીની શાળાઓમાં હિન્દી ફરજિયાત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેનો તમિલનાડુ રાજ્યમાં ખુબ મોટા પાયે વિરોધ થયો હતો. આ ચળવળ દ્રવિડમ કઝગમ ત્યારબાદ દ્રવિડ મુનેત્ર કઝગમ એટલે કે ડીએમકે દ્વારા ચલાવવામાં આવી હતી. આ વિરોધના પરિણામે શાળાઓમાંથી હિન્દી ભાષા હટાવવી પડી હતી. ત્યારબાદ ૧૯૬૫માં, જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા હિન્દી ભાષાને દેશની એકમાત્ર સત્તાવાર ભાષા બનાવવાની જાહેરાત કરવામાં આવી, ત્યારે સૌથી મોટો વિરોધ અને દેખાવો પણ તમિલનાડુ ખાતે જ થયા હતા. આ વિરોધ અને દેખાવો હિંસામાં પરિણમ્યા હતા. અને આ આંદોલને સમગ્ર તમિલનાડુ રાજ્યને હચમચાવી નાખ્યું. આંદોલનની તીવ્રતા જોઈ, કેન્દ્ર સરકારે પીછેહઠ કરવી પડી અને સમાધાન સ્વરૂપે હિન્દીની સાથે અંગ્રેજીને પણ સહ-સત્તાવાર ભાષા તરીકે જાળવી રાખવામાં આવી. ભાષા માત્ર કારકિર્દી બનાવવાનું ટૂલ નથી. ભાષા સંસ્કૃતિની પીછાણ છે. ભાષા અસ્મિતા છે. જે ગુજરાતી વિદ્યાર્થી ગુજરાતી નથી શીખતો એ મેઘાણી, કનૈયાલાલ મુન્શી, ચંદ્રકાંત બક્ષી નથી વાંચી શકવાનો. જે વિદ્યાર્થી હિન્દી નથી શીખતો એ સમગ્ર હિન્દી સાહિત્ય સર્જનથી વંચિત રહી જવાનો. જે અંગ્રેજી નથી શીખતો એ સમગ્ર અંગ્રેજી સાહિત્ય સર્જનથી વંચિત રહી જવાનો. વિશ્વની કોઈ ભાષા એટલી લોઠ્ઠકી નથી જે જગતભરની તમામ ભાષાઓની સમાંતર અને બરાબર જેટલું સર્જન કરી શકે. હું પ્રાથમિક કક્ષાએથી હિન્દી ભણ્યો છું, મારી ગુજરાતી ખરાબ નથી થઈ કે ગુજરાતી પ્રત્યેનો મારો પ્રેમ ઓછો નથી થયો. મારી માતૃભાષાને સન્માન મળે એવું હું ઈચ્છતો હોઉં તો મારે અન્યોની માતૃભાષા અને મારી રાષ્ટ્રભાષાનું સન્માન પહેલા કરવું પડે. ક્વિક નોટ - દાદા ધર્માધિકારીએ કહ્યું હતું, 'આજે આપણે બહુરાજ્યવાદ અને બહુરાષ્ટ્રવાદમાં ચકચૂર છીએ. આજે દેશમાં નર્યો ઉદ્દંડ ભાષાવાદ છે. એમાંથી ભાષાવાર રાજ્યોનો જન્મ થયો છે. અહીંનું એ દુર્ભાગ્ય છે કે અહીંની સંસ્કૃતિ, ઈતિહાસ, ભાષા, લિપિ બધું સંપ્રદાય સાથે ચાલે છે.'


production@infiniumpharmachem.com


# મૂછ રાખવી કે ન રાખવી?


**હાસ્યાય નમઃ**
**ડૉ. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧) ચિંતારુપી ચહેરામાં સ્મિત પ્રગટાવવા હાસ્યરુપી પુષ્પહાર પહેરવાની યોગ્યતા ક્યાંથી સાંપડી આપને?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલીયા મોટા)

સવાલ સમજાય પછી કહું!

(૨)મારી પત્ની ક્યારેય મને શાબાશી નથી આપતી તો શું કરવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

શાબાશી ન આપે તો કાંઈ નહિ, ચા વાસી નથી આપતાને?

(૩) મૂછ રાખવી કે ન રાખવી?

રામભાઈ પટેલ (સુરત)

હવે હેર કટીંગ સલૂનમાં પહોંચી જ ગયા છો તો દાઢી કરે છે એ ભાઈ પર જ બધું છોડી દો.

(૪) તમે તમારી દિવ્યભાસ્કરની કોલમનું નામ ગતકડું શા માટે રાખ્યું છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ જિ.પંચમહાલ)

કડુ કરિયાતું રાખું તો કોણ વાંચે?

(૫) અત્યારે કળિયુગ હોવાનો કોઈ પુરાવો આપશો?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

અત્યારે મચ્છરોને પણ અગરબતી કરવી પડે છે એ જ કળિયુગ હોવાનો મોટો પુરાવો છે.

(૬) પહેલી હોળીના દર્શન સાસુ અને વહુ એકસાથે કેમ ન કરે?

કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)

એવું કાંઈ ન હોય. આ વખતે એક વહુ એની સાસુને સ્કુટી પર બેસાડી હોળીનાં દર્શન કરવા લઈ જતી હતી એ મેં જોયું.

(૭) સાહેબ..! શેખચલ્લી અને ગાંડા વચ્ચે શું ફરક હોય..!

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

ગાંડો એ ભૂતપૂર્વ શેખચલ્લી અને શેખચલ્લી એ ભાવિ ગાંડો હોવાની શક્યતા છે!

(૮) બે દિવસથી પેટમાં ઉંદરડા ક્રિકેટ રમતા હોય એવું લાગે છે. દવા લઉ કે ફાઈનલ સુધી ખમી જાઉ ?

કનુભાઈ પરમાર (દામનગર)

ખમી જાઓ. મેચ બંધ રહેશે તો ઘણાં બુકીઓ રખડી પડશે.

(૯) ધૂળેટી પર તમે ગોઠમાં શું આપો ?

રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)

એ લોકો મને આપી જાય.

(૧૦) એનું પૂંછડું મૂકતો નથી, એની પૂંછડી દબાણી એટલે સાચું બોલવું પડ્યું. માણસને તો પૂંછડું હોતું નથી, તો આમ શાથી કહેવાય છે?

હરિભાઈ ધોરાજિયા (લીલીયા મોટા)

ભવિષ્યમાં ઊગે તો વાંધો ન આવે એટલે.

(૧૧) આપણે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી ગયા. શું કહેશો?

જય દવે (ભાવનગર)

યે તો હોના હી થા!

(૧૨) બધા મીડિયાવાળાએ બૂમો પાડીપાડીને મહિલા દિવસ મનાવ્યો તેથી પુરુષોને ઈર્ષા નહિ આવી હોય?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

ઈર્ષા નહીં આવી હોય કારણ કે પુરુષોને ખબર છે કે રિસાયેલી મહિલાને મનાવવા કરતા મહિલા દિવસ મનાવવો સહેલો છે!

(૧૩) કંડકટર અને ટિકિટ ચેકર વચ્ચે શું તફાવત?

દર્શન પટેલ (વડોદરા)

કંડકટર એમ ગાતો હોય કે આદમી મુસાફિર હૈ..ટિકિટ ચેકર એમ ગાતો હોય કે આ ડમી મુસાફિર હૈ!

(૧૪) મેરે સપનો કી રાની કબ આયેગી તું?... પછી શું આવે?

રમાબેન પટેલ (અમદાવાદ)

મેરે સપનો કી રાની કબ જાયેગી તું?

(૧૫) નામ ડહાપણ દાઢ છે તો આટલી દર્દ કેમ આપે છે?

મીરાંબેન મેતરા (સુખપુર)

ડહાપણ હંમેશા દર્દ આપે. ગાંડપણની દાઢ હોત તો ગલગલિયા થાત.

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# આ ગ્રીષ્મમાં વહેલી સવારની તાજગી તમારે માટે છે



ગ્રીષ્મ ઋતુ આગળ ધપવા લાગી છે. ચૈતર મહિનાની શરૂઆત થઈ ગઈ છે. હવે ચૈતરના દનૈયા તપે તો આવતા ચોમાસાની વર્ષારાણીનું ગર્ભાધાન થાય. કેરીની અસલ મોસમને હજુ વાર છે. હજુ તો કાચી નાની કેરી એટલે કે ખાખડી આંબેઆંબે ઝૂલે છે ને કોયલનો કુંજારવ ભરબપોરના સન્નાટામાં સ્વરમાધુર્યનો કર્ણ પર શીતળ અભિષેક કરે છે. ગ્રીષ્મ ઋતુ હવે જમાવટ કરવા સુધી આવી પહોંચી છે. સોહામણી રાત્રિઓ એના અંતકાળે ઠંડી પડતી જાય છે. ગ્રીષ્મની વહેલી સવારે પંખીઓ બહુ વહેલા જાગીને કૂંજન શરૂ કરે છે. પંખીનાં ગીતો આત્મગાન છે કે કોઈને સંબોધન ? નિજાનંદ છે કે જનરંજન એ કેમ ખબર પડે ? પંખી હોવાનો એક અર્થ ગાન પણ છે. માત્ર ઉડ્ડયન કે ગણગણાટ તો એને જંતુ બનાવી મૂકે.

બહુ ઓછા લોકોના કંઠમાં જિંદગીનાં ગીતો રમતાં હોય છે. બાકી ગણગણાટ તો સહુને મનુષ્યાવતારના મહાવિઘ્નરૂપે મળ્યો જ હોય છે. જિંદગીનાં ગીતો કંઈ રાગ મેઘ મલ્હારની જેમ આલાપવાના હોતાં નથી. મા પોતાનો ભોજનથાળ સન્મુખ આવે એટલે વિચારે ને કહે કે બેટા તેં જમી લીધું ? નોકરી કરતી પત્ની ઘરે આવે ત્યારે પતિ ચા બનાવી આપે એ છે મધુર ગાન. મા માટે સુરતથી આવતો દીકરો સ્ટીલની નવી બજરની ડબી લેતો આવે કે પૈસા બચતના વધે ત્યારે વહુ સાસુને પૂછે કે બા, હવે આ પૈસાનું શું કરીશું તે તમે કહો – આ જીવનગાન છે. પંખીઓ આવા જ કોઈ જીવનગાન દરરોજ વહેલી સવારે છેડતા હશે. સાંજ પડે છે ને વિક્ટરના દરિયા કિનારે કુંજડીઓની લાંબી હાર પશ્ચિમથી પૂર્વ તરફ ઊડતી જોવા મળે છે.

આકાશમાં ક્યાં જગ્યા ઓછી છે તે એમણે લાઈનમાં ઊડવું પડે, પણ કુંજ પક્ષીઓનો સ્વભાવ સંપીલો અને શિસ્તપૂર્ણ છે. એમને લાઈન બહારનું આકાશ પારકું લાગે છે. આકાશ તો જોઈએ એટલું હોય. આપણે શું ? કુંજડીએ આપણા 'પોતાના' અને એકબીજાની પાસપાસેના આકાશમાં ઊડવાની વાત કરી છે. એક જ ફળિયામાં કાકા દાદાના ખોરડાઓ હતા જ ને પહેલાં ? પરંતુ પહેલા મન નોખા થયા ને પછી ખોરડા. જુદે છત્રે રહીનેય પરિજનો સાથે મન એક થઈ રહેતું હોય તો એ જીવન સાધના અને સાધ્ય બંને છે. કુંજડીએ લાંબી હારમાં રહેવાનું સ્વીકારીને પોતાની ઉડ્ડયન વ્યક્તિમત્તાને જતી કરી છે. એટલે કે એના અહંકારે હાર સ્વીકારી છે ને હારમાં સહુની હારોહાર રહેવાનું પસંદ કર્યું છે.

ઉનાળામાં સવારનો પવન હજુ સુગંધિત છે. હવામાં ગઈ વસંતઋતુની ખુશનુમા છે. કેટલાક લોકો સવારના ઊઠતા નથી એના એમની પાસે સાચા કારણો છે. તેઓનો એ કોઈ અપરાધ નથી કે તેઓ વહેલા ઊઠી શકતા નથી, પણ જેઓ વહેલા જાગે છે ને તરત મીઠા લાગતા શય્યાસુખને ખંખેરીને ઊઠી પણ જાય છે તેમને માટે આ સવાર અમૃત કુંભ લઈને આવે છે. એ અમૃત આપણે કાયમ ઝંખીએ છીએ એવું કોઈ બાહરી રસાયણ નથી. એ તો ભીતરની ભોગળ ખૂલવાથી જ મળે છે. ભીતરી કમાડ ખોલવાનું કામ તે આ પ્રાતઃકાળને મન રમત વાત છે. સવારનો લ્હાવો છોડવા જેવો નથી. તાજગીના ભંડાર ઉપર આભમાંથી ઢોળાતા હોય ને તંયે આપડે ચાર દિવાલોમાં કેદ પડ્યા રહીએ એ કેમ ચાલે. થોડીક આળસ તો માની લો કે આપડામાં હતી ને હવે કોરોનાને કારણે આવેલા બંધનમાં એ આળસ વધી એટલે દિનચર્યા અંગે બહુ સાવધ રહેવા જેવું છે. આમ ને આમ રહે તો વ્યક્તિત્વ જ ઠેબે ચડી જાય. ને એમ તો થવા જ ન દેવાય.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

મધ્ય રાત્રિ પછી વૃક્ષના આશ્રયે રહેવાનો પણ આનંદ હોય. જે વૃક્ષ પર પંખી રાતવાસો ન કરતા હોય એના આશ્રયે રાતવાસો ન કરાય. પંખી સહી કરી આપે એ વૃક્ષો જ મનુષ્ય માટે કુદરતે મંજૂર કરેલાં વૃક્ષ છે. એવા કોઈ ઝાડનું નૈકટ્ય પ્રાપ્ત કરવું એક લહાવો છે. ગ્રીષ્મની રાત વનશ્રી સાથે શાંત ધીમે પ્રવાહે વાતો કરે છે. પાંદડે- પાંદડે પવન-પર્ણ ટોળે વળે છે. ઝાડના થડ પર એની લીલાનો અભિષેક થાય છે. આ રાસ વૃંદાવનની શાખા-પ્રશાખામાં રમાય છે. એનો જે સાક્ષી હોય તે જ ખરો રસરાજ છે. સવારે ઊઠીને જુઓ તો ચમેલી ને મોગરો રાતભર પવનસંગે હીંચકા લઈને હિલ્લોળે ચડેલા દેખાય છે. કોઈ વનમાલિકાના હાથે ચૂંટાઈને એ ફૂલો શૃંગારનાં દર્શન વેળાએ ઠાકોરજીના કંઠની જયજયવંતી મલ્લિકા બની શોભી ઊઠે છે. વાંચન અને લેખનની તો બારે માસ વહેલી સવારની દુનિયા છે. રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી, સાધુપુરુષે સૂઈ ન રહેવું. એવો આજ્ઞાર્થ ગિરિ તળેટીએથી મહેતાજીએ અમથો તો નહીં ઉચ્ચાર્યો હોય. ત્યાગ અને યોગને નરસૈંયાએ એક જ પંગતમાં બેસાડીને સંસારીઓને મોટું આશ્વાસન આપ્યું છે. જોગિયા હોય તેણે જોગ સંભારવા એ તો સમજ્યા, પણ ભોગિયાઓએ શું કરવું? નરસૈંયો કહે છે કે ભોગિયાઓ વહેલી સવારે ભોગ જેવા કે શયન, પ્રમાદ, સ્વપ્ન અને કલ્પના કે તરંગોનો ત્યાગ કરે તો એ પણ યોગની બરાબર જ છે. ભોગિયા હોય તેણે ભોગ ત્યજવા.

વહેલી સવારે જાગૃતિ તો પ્રકૃતિના તમારા પરના આશિષનું એક શુભચિહ્ન છે, પણ આ વહેલી અને વહાલી સવાર સહુને માટે નથી. જેઓ પાસે સંસારની એવી કોઈ જંજાળ નથી કે જે એમને મોડી રાત સુધી વ્યસ્ત રાખે, તો કદાચ તેમને પંખીઓના ગાન સાંભળવા મળે. વાર્તાઓમાં કોઈ-કોઈ રાજકુમાર પંખીઓની ભાષા સમજતા હોય છે. એ કંઈ સમજવી અઘરી નથી. થોડા દિવસ સાંભળતા રહો તો સમજાવા લાગે. ભાષા સાથે પંખીઓની પ્રવૃત્તિઓ પણ જુઓ તો બે વરસનો પંખીભાષા શિક્ષણ પાઠ્યક્રમ એક વરસમાં પૂરો થાય. આમ આપણો જૂની પેઢીનો ગ્રામ સમાજ શીખવાડે છે. આજે ભલે ખેડૂતોએ જાતે જ ખેતરાઉ વૃક્ષોનું સ્વકુઠારે નિકંદન આચર્યું હોય, પણ જ્યારે આપણી ભોમકા પર ખેતરે-ખેતરે ઘટાટોપ દેશીકુળનાં ઝાડ હતાં ત્યારે તો પંખીઓના સ્વરગુંજન જ કૃષિકારના સંગાથી હતા. વહેલી સવાર જિંદગીમાં વહેલો કલશોર લઈ આવે તો પછી ક્લેશ બહુ આઘો રહે છે ને આ કલશોરનું જ આપણને જિંદગીમાં અફીણ

**સાંજ પડે છે ને વિક્ટરના દરિયા કિનારે કુંજડીઓની લાંબી હાર પશ્ચિમથી પૂર્વ તરફ ઊડતી જોવા મળે છે. આકાશમાં ક્યાં જગ્યા ઓછી છે તે એમણે લાઇનમાં ઊડવું પડે, પણ કુંજ પક્ષીઓનો સ્વભાવ સંપીલો અને શિસ્તપૂર્ણ છે**

જેવું વ્યસન થઈ જાય છે. એક જમાનામાં નિત્યનું નૂતન પ્રભાત જ જિંદગીની હિરણ્યમય શરૂઆત હતી. રોજ સવારે એક નવી સફરમાં જતો હોય એમ મનુષ્ય દોડી નીકળતો. ત્યારે એ નદીઓ, પહાડો એને ગિરિકંદરાઓ ખૂંદી વળતો અને જે કંઈ પ્રાપ્તવ્ય હોય એ લઈ ઘરભણી સમી સાંજે પાછો ફરતો. વૃદ્ધજનો અને રોગગ્રસ્તો સૂર્યોદય પછી દિવસની શરૂઆત કરતા. આજે કોની સંખ્યા વધારે છે ? પગમાં જે જોમ હોય છે એમાં વહેલી સવારનું વિશેષ જોમ ઉમેરાય છે. અંતઃકરણની તાજગીમાં પણ વાતાવરણ કંઈક વધારાની ભેટ આપે છે. કામકાજનો અરધો થાક પ્રકૃતિ પોતાના પર લઈ લે છે. એક અજાયબ હળવાશનો અનુભવ રહે છે. વહેલી સવારનો જ એ જાદુ છે કે ચિત્ત કોઈ ઉત્પાત મચાવતું નથી. શાંત રહે છે. એથી જીભ કદી લપસતી નથી ને ન બોલવાના વેણ ભૂલમાં બોલાઈ જતા નથી. આપોઆપ સંયમશ્રીથી બુદ્ધિ દેદીપ્યમાન થાય છે જેની આ વાંકાચૂકા વ્યવહાર જગતમાં વારંવાર જરૂર પડે છે.

વહેલી સવાર આયોજનની એક અપ્રતિમ ક્ષમતા આપે છે, કારણ કે તમે સહુથી એડવાન્સ હોવાના સ્વાભિમાનથી મુખરિત હો છો. તમને આવનારા આખા દિવસના સમયપટ પર એક નિરાંતની નજર નાંખવાનો મોકો મળે છે. તમે કામકાજનું થોડું એડવાન્સ મિકેનિઝમ ગોઠવી શકો છો. તમે તમને જોઈ શકો છો, કારણ કે વહેલી સવારે તમે એક ચોક્કસ ઊંચાઈએ હો છો. આ ભૌગોલિક ઊંચાઈ નથી, પણ તમારી વ્યક્તિગત જિંદગીને એક નવા ઝરૂખેથી જોવાની દરરોજ એક વાર પ્રાપ્ત થતી તક છે. પોતાની સાત વાર અને સાત વખત ગરજ હોય એમને માટે જ વહેલી સવાર છે. એ સહુને માટે તો કદાપિ ન હતી અને નથી. ■

# એક મૂરત, એક સૂરત...



ભયંકર ગાજવીજ સાથે અચાનક વરસાદ તૂટી પડયો. ત્યારે સંદીપને ખ્યાલ આવ્યો કે પોતે ધૂનમાં ને ધૂનમાં કયાંનો કયાં પહોંચી ગયો છે. તેણે દૂર નજર કરી તો લાઈટોના માત્ર ટમકાં દેખાતા હતા. ડાક બંગલો તો કયાંનો કયાં રહી ગયો હતો. સર્વત્ર અંધારૂ છવાયેલું હતું. ડાકબંગલાનો ચોકીદાર કહેતો હતો કે સંદીપબાબુ, બહુ દૂર ન જશો. આ પર્વતીય વિસ્તારમાં દીપડાની, વાઘની અને રીંછની ખૂબજ રંજાડ છે. ! મિકેનિકલ એન્જિનીયરીંગની પરીક્ષા પછી થોડું રિલેક્સ થવુ હતું એટલે ફરવા આવ્યો હતો. વીજળીના ચમકારામાં નીચેની તરફ ઉતરતી એક પગદંડી વાટે એ ધીમે ધીમે તળેટી ઉપર તો માંડ પહોંચી શક્યો. અહીં છુટા છવાયા મકાન હતા પણ દરેકના દરવાજા વરસાદને લીધે બંધ હતા. શું કરૂં ? ડાકબંગલાનો રસ્તો આ અંધારામાં મળે એમેય નથી અને ડાકબંગલે તો પહોંચાય એમ પણ નથી. એક ઘર છેવાડે આવેલ હતું તેને થયું દરવાજો ખટખટાવું ? ઘડીક પૂરતો આશરો મળી જાય તો સારૂ ! ઠંડી પણ ખૂબ જ ચડી હતી. શરીરમાં ઘડીએ ઠંડીના ઉકરાટા પણ આવતા હતા. બરછી જેવો પવન હાડ વીંધી નાખતો હતો. તેણે સાંકળ ખટખટાવી પણ કોઈ અવાજ ન આવ્યો. તેણે ફરીવાર સાંકળ ખખડાવી અને દરવાજે હથેળીની થાપ મારી અને અંદરથી કોઈ સ્ત્રીનો અવાજ આવ્યો : "કોણ છે ?" "એ હું... એક મુસાફર." સંદીપે અવાજ દીધો : બારણું ખોલોને પ્લીઝ...." બે મિનિટ પછી બારણું ખૂલ્યું તો વીજળીના ચમકારામાં એક ચહેરો દેખાયો. એક યુવાન સ્ત્રી હતી. નમણી આંખો મોટી અને ભાવુક હતી અને વાળ છુટ્ટા હતા. આ ગોરંભા જેવા ઘનશ્યામલ અને ઘટાદાર. તે સ્હેજ શ્યામ હતી પણ ખૂબ આકર્ષક હતી. વીજળીના ચમકારામાં તેને સંદીપનો ચહેરો પણ ખૂરેપૂરો દેખાયો. કોઈ અજનબી યુવાન પુરૂષને જોતાં જ તે એક ડગલું પાછળ હટી ગઈ અને પૂછી બેઠી : "તમારે કોનું કામ છે ? કોના ઘરે જવું છે ? કયાંથી આવો છો ?"

"પ્લીઝ મને..." ઠંડીનું લખલખું સંદીપના શરીરમાંથી બરછી જેમ પસાર થઈ ગયું : "હું અજાણ છું. ડાકબંગલે ઉતર્યો છું. રસ્તો ભૂલી ગયો છું, હું આમ પહાડોમાં ફરવા નીકળ્યો હતો પણ વરસાદ... મને ખૂબ જ ઠંડી લાગી છે. પ્લીઝ મને ઘડીક આશરો આપશો ? આપનો પાડ કયારેય નહીં ભૂલું. " સંદીપે બે હાથ જોડયા, કે તે સ્ત્રીને હવે સંદીપની સ્થિતિનો ખ્યાલ આવ્યો. " અંદર આવતા રહો." તેણે ખડકી જેવો નાનકડો દરવાજો ખોલ્યો અને સંદીપને અંદર લઈ દરવાજો બંધ કરી, આગળ થતી બોલી "અંદર આવતા રહો." સંદીપ નાનકડી એવી ઓસરીમાં ઊભો રહ્યો. તે સ્ત્રીએ એક ટુવાલ આપ્યો અને સામે દેખાતા બાથરૂમ તરફ આંગળી ચિંધી. : "તમારા કપડા ભીના થઈ ગયા છે. તેને કાઢી નાખો ત્યાં સુધીમાં હું તમને લુંગી અને ખમીસ આપુ છું."

સંદીપ ભીના કપડા ઉતારીને બહાર આવ્યો કે તે લુંગી અને એક ખમીસ લઈને ઊભી હતી : " જો ફાવે તો આ પહેરી લો." "ફાવશે...ફાવશે..." કહી સંદીપ બાથરૂમમાં કપડા બદલીને બહાર આવ્યો. તે સ્ત્રીએ કહ્યું : "અહીં આ પલંગ ઉપર બેસો અને આ શાલ ઓઢી લો હું તમને કડક આદુમસાલા વાળી ચા બનાવી આપુ છું."

ચા પીને હવે કૈંક સારૂં લાગ્યું. શરીરમાં ગરમાવો આવ્યો. સ્ત્રી સામે મૂંઢો લઈને બેઠી. સંદીપે પરિચય આપ્યો : "મારૂં નામ સંદીપ શર્મા છે. હું એમ.પી. માંથી આવુ છું. કોલેજની પરીક્ષા પછી ફરવા નીકળ્યો હતો. પપ્પાને ફેકટરી છે. ઘરમાં મોટો ભાઈ ભાભી, મમ્મી અને પપ્પા છે. મને ફરવાનો શોખ પણ છે એટલે આ રીતે કયારેક નીકળી જાઉ પણ તમે ? " સામે દેખાતું દેશી ઢબનું રસોડું, ઓંસરી, ઓંસરીમાં બાથરૂમ, નાનુ ફળિયું અને બે રૂમ..! આસપાસ નજર ફેરવતા સંદીપે પૂછયું : "ઘરમાં બીજું કોઈ સભ્ય નથી ? તમે એકલાં જ ? તમારૂં નામ ? તમે... તમે... " સંદીપને હવે ઠંડીના ઉંકરાટાની સાથોસાથ ડર પણ લાગવા માંડયો હતો. પેલી સ્ત્રી, સંદીપના મનોભાવ પારખી ગઈ. તે હસી. હસતી વખતે તેના ગાલમાં પડેલા ખંજન બલ્બના પીળા પ્રકાશમાં અછતાં ન રહ્યા. તેની હીરા જેવી આંખો મોહક અને વશીભૂત કરી દે તેવી હતી અને અત્યારે સંદીપના સવાલ ઉપર હસતી હતી. સંદીપનો

વાર્તા વિશ્વ
યોગેશ પંડયા

ડર બમણો થઈ ગયો તેના ચહેરા ઉપર એ ડર છાયા બનીને પાથરાયો. શરીરમાં કંપન પણ આવ્યું. જવાબમાં સ્ત્રીએ હસીને કહ્યું : "મારાથી ડરશો નહીં, હું સ્ત્રી છું જીવતી જાગતી સ્ત્રી હું ભૂત નથી. ડરવાનું તો મારે હોય એક અજનબી પુરૂષથી પણ ઊલટાનું તમે ડરો છો ?" "તો ? તો ? તમે... તમે ?" સંદીપને થયું કે વરસાદ અત્યારે જો અટકે તો અત્યારે જ નાસી છૂટવામાં ભલાઈ છે. ત્યાં જ તે સ્ત્રીએ કહ્યું : "મારૂ નામ શ્રીવલ્લી છે. હું દક્ષિણ ભારતની છું. એકલી રહું છું હા મારે બે વરસનો દીકરો છે તે આ તરફના રૂમમાં સુતો છે. મારા પતિ હયાત નથી પણ શહીદ થઈ ગયા છે. તેમનું પોસ્ટિંગ દક્ષિણમાં હતું. મારા પપ્પા લશ્કરમાં અધિકારી હતા. મારા પતિનું નોકરીનું પ્રથમ પોસ્ટીંગ ત્યાં થયું અને તેઓ મારા પપ્પાને મળવા આવતા અને અમારે પ્રેમ થઈ ગયો. અમારૂં કુટુંબ ખૂબ જ રૂઢિચુસ્ત. અમે ભાગીને લગ્ન કર્યાને મારા પતિની આ પ્રદેશમાં બદલી થઈ, લગ્નથી એક દીકરાનો જન્મ થયો પણ એક દિવસ મારા પતિની જીપ ઉપર નકસલવાદીઓએ હુમલો કર્યો અને તેઓ વીરગતિ પામ્યા એ પછી ન મારા પપ્પાએ મને બોલાવી કે ન મારા સાસરિયાઓએ ! પણ મારો પરિવાર આ કસબો છે અહીંયા મને પરિવારની હુંફ મળીને બસ જિંદગી..."

સંદીપની આંખો ભીની થઈ. શ્રીવલ્લીએ એ જોયુ અને પછી વાતનો યુટર્ન આપી કહ્યું : " હુંય પણ વાતોએ ચડી ગઈ તમને ભૂખ લાગી હશે. મેથીવાળા પકોડા બનાવી દઉ. સાથે ફરીને થોડી ચા પણ... તમને મજા આવશે !" સંદીપ ઈન્કાર ન કરી શક્યો. રાત જામતી હતી ને વરસાદ પણ એવો જ જામતો હતો. જમ્યા પછી પણ ઠંડી ઓછી થતી ન હતી. શ્રીવલ્લીએ કહ્યું : "રસોડામાં તાપણું કરૂં તમે સ્હેજ તાપો, તો સારૂં લાગશે !" "ના... મને બામ કે વિકસ હોય તો આપોને ? હું આંખે માથે લગાવી દઉ પહેલા..." "એક મિનિટ આવું." રસોડા જઈને ઢાંકો ઢુંબો કરીને તેણે કહ્યું : " તમે આ બીજા રૂમમાં સૂઈ જાવ ત્યાં સરસ બેડ છે. તમને આરામ થઈ જશે." સંદીપ ઉઠીને બીજા કમરામાં ગયો ત્યાં સુધીમાં ડબલબેડ શ્રી વલ્લીએ સરખો કરી નાખ્યો હતો. સંદીપ બેડ પર સૂઈ જતા બોલ્યો : "તાવ પણ ચડયો છે. તમારી પાસે તાવ - ટાઢની દવા હશે ?" " ના... એ તો નથી પણ કવાથ છે. એનાથી તમને તાવ ઉતરી જશે. " કહી એ કડવું ચૂર્ણ લઈ આવી. દોઢેક ચમચી ગરમ પાણીમાં નાખીને સંદીપને કહ્યું : "આ પી જાવ" સંદીપે કવાથ પી લીધો. "પાંચ મિનિટમાં આવી હો." કહી એ બાજુના રૂમમાં ગઈ અને થોડીવારે સ્ટ્રોંગ બામની શીશી લઈને આવી. સંદીપના માથા ઉપર હાથ મૂકતા કહ્યું : "ઓહ તમને તો ખૂબ તાવ ભર્યો છે ને કાંઈ ?" એ બામ લગાવી રહી. સંદીપને સારૂ લાગ્યું "મુન્નાને ઓઢાડવા ગઈ હતી." એ બોલતી હતી પણ સંદીપ શ્રીવલ્લીમાં ડુબતો જતો હતો. તેણે શ્રીવલ્લીના હાથ ઉપર પોતાનો હાથ મૂકી દીધો. શ્રીવલ્લીએ હાથ રહેવા દીધો પછી સંદીપના શર્ટના બટન ખોલીને છાતી ઉપર પોચા પોચા હાથે ઉપર વીકસ લગાડવા લાગી. સંદીપનું શરીર ઉષ્ણ થવા લાગ્યું : "શ્રીવલ્લી..." એ અસ્ફૂટ બબડયો "હમ્મ..." શ્રીવલ્લીએ હુંકાર કર્યો અને સંદીપની પડખે આધેકડી ઢળી. સંદીપે હાથ લાંબો કરી રૂમમાં ઘોર અંધારામાં તેને પકડવાનો પ્રયત્ન કર્યો. શ્રીવલ્લીએ તેને પોતાના બાહુપાશમાં લઈ લીધો. ક્ષણ બે ક્ષણ, ત્રણ ક્ષણ... સંદીપ તેને વળગીને સૂઈ ગયો અને પછી કયારે એનામાં સમાઈ ગયો ખબર ન રહી.

સવારે ઉઠયો ત્યારે પોતે બેડ ઉપર એકલો હતો. તે ઊભો થયો કે, શ્રીવલ્લી હસતી હસતી સામે આવીને ઊભી રહી ગઈ. સંદીપની નજરો નીચે ઢળી ગઈ : "મારાથી ભૂલ થઈ ગઈ..." "મારીય પણ મરજી હતી. મારીય પણ ઈચ્છા..." એ સંદીપના ઘુઘરાળા વાળમાં હથેળી ફેરવતી હતી : "પતિ સ્વર્ગવાસ પામ્યા પછી, આટલા વરસે... હું ય પણ એક મનુષ્ય છું. આપણે પાપ નથી કર્યું સંદીપ. "પણ તમે" શ્રીવલ્લીની આંખોમાં આંસુ ધસી આવ્યા : "મને ભૂલી તો નહી જાવને ? કયારેક યાદ આવે મારી, તો તમે અહીં..." જવાબમાં તો સંદીપનું મૌન હતું ! એ મૌન અકળાવનારૂ હતું. એ ભીનાં કપડા પહેરીને નીકળ્યો. શ્રીવલ્લીએ તેનો હાથ પકડી રાખ્યો ઘડીભર અને પછી છોડી દીધો..

----

સંદીપ અઠવાડિયાથી ઘેર આવ્યો હતો પણ તેનું મન ? મન તો ત્યાં રહી ગયું હતું. એક માયુસી અને ઉદાસી તેના ચહેરા ઉપર તરવરતી હતી. "શું વાત છે દેવરજી ?" એક સાંજે કોઈ ઘેર નહોતું અને ભાભી પૂજાએ તેની પડખે બેસી જતા પૂછયું : "વોટ હેપન્ડ ? આવ્યા ત્યારથી ગૂમસૂમ છો " અને સંદીપના હૈયાનો બંધ તૂટી ગયો. ઘરમાં વાતચીતનો દોર ચાલ્યો. પૂજાએ બધાની વચ્ચે કહ્યું : આ તો પૂણ્યનું કામ છે અને સંદીપભાઈનો જીવ હવે તેમાં જ છે તો પછી ? અને, અમારા મેરેજ થયા પાંચ વરસ થયા પણ મારો ખોળો તો હજી ખાલી જ છે. એક બાળક આવશે તો ઘર પણ કિલકારીથી ગૂંજી ઉઠશે !" અંતે સપરિવાર ત્યાં ગયા. કસબામાં વાત કરી. કસબાના મુખિયાએ 'બાપ' બનીને કન્યાદાન આપ્યું. શ્રીવલ્લી અને સંદીપ પરણી ઉતર્યા અને ઘર નાના બાળકની કિલકારીથી ગૂંજી ઉઠયું અને સંદીપનો ઓરડો ગૂંજી ઉઠયો શ્રીવલ્લીના કંકણોથી અને ઝાંઝરથી !! ફરી એકવાર મધુર રાત્રિ ઉતરી આવી, એ રાત્રીએ બન્નેની સાચી સોહાગરાત હતી !! ■

# મારા લગ્ન તો બે વર્ષ પહેલા થઇ ચૂક્યા છે




અત્યારે જોગાનુજોગ બન્યુ એવું કે, સમજુબાને કુટુંબમાં ખોટકાને કામે નજીકના ગામડે સગાને ત્યાં ફરજીયાત જવાનું થયું. આમેય તહેવારમાં તો જવું જ પડે, તેમાં ન ચાલે એટલે બા તો બહારગામ ચાલ્યાં ગયાં. હવે બે - ત્રણ દિવસ માટે આવડા મોટા ઘરમાં દામલ અને જ્યોતિ જ ફક્ત હાજર હતાં. સવારે જ બા ગયાં હતાં એટલે સાંજના જમણ પૂરૂં થયા પછી દામલ અને જ્યોતિ હિંડોળા પર બેઠાં બેઠા અલક મલકની વાતો કરતાં હતાં. સાવ શાંતિ હતી.

રાતના દસ થયા એટલે પ્રેમથી જ્યોતિએ દામલનો હાથ પકડી જરા દબાવતા મીઠા લહેકા સાથે કહ્યું : " જો ને, આજે મારે પાંચ મિહના પૂરા થયા. તું આમ જો તો ખરો. હવે તો મારૂં પેટ પણ બહાર દેખાઈ રહ્યું છે. થોડી શરમ તો આવે જ છે, પણ શું કરૂં ? વિચારૂં છું, ખૂબ ખૂબ વિચારૂં છું પરંતુ હવે શું કરવું... ? કંઈ રસ્તો નથી સુજતો...દામલ !"

જ્યોતિના મોઢેથી આવા શબ્દો સાંભળતા દામલે ઉતાવળે ઉતાવળે તરત જ કહ્યું : "તું મારૂં તો કંઈ જ સાંભળતી નથી. મારી સામે જોતી પણ નથી. મારૂં તો કહેવાનું એમ છે કે, આપણાં આવા ગુપ્ત સંબંધો અને તારા પેટમાં રહેલા મારા બાળક વિશેની વાત બા...ને કરી દેવી જોઈએ. જો આમ કરીએ તો ગમે તેમ કરીને બા... આ બધું થાળે પાડી દેશે. કદાચ આપણા બન્નેના ઘડિયા લગ્ન પણ ગોઠવી દેશે. હવે.. છેલ્લે છેલ્લે પણ આપણે ઘડિયા લગ્ન તો કરવા જ પડશે ને..?"

"લગ્ન... ? અને એ પણ ઘડિયા લગ્ન ?" આંખો ફાડીને આશ્ચર્યથી દામલ સામે જોતા જ્યોતિ ઠાવકું બોલી.

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"હા, જ્યોતિ... હવે આપણે બીજું શું કરી શકીએ ? આ એકમાત્ર રસ્તો હવે છેલ્લે બાકી રહ્યો છે..." નર્વસ થઈને માંડ માંડ દામલ આટલું બોલ્યો.

"દામલ, આમ મારી સામે જો... અને હવે કાન ખોલીને મને સાંભળ : મારા લગ્ન તો બે વર્ષ પહેલાં થઈ ચૂક્યાં છે. હું કંઈ કાચી કુંવારી છોકરી નથી, હું તો પરિણીત સ્ત્રી છું..."

"આમ સાવ આવી ગાંડી ગાંડી રમત મારી સાથે રમવી બંધ કર, જ્યોતિ..." દામલ તરત જ બોલ્યો : " અત્યારે આવી ગંભીર અને વિકટ પરિસ્થિતિમાં, મારી મનોદશા તો ઠીક પરંતુ તારી આવી પરિસ્થિતિ અને આવી હાલતમાં તને આવી વાહિયાત મજાક કરવાનું સુજે છે....? બંધ કરી દે આવું બધું. હમણાં હમણાંથી તો તું ખૂબ જ વિચિત્ર થતી જાય છે હો, તને તારી અને મારી આબરૂની જરાપણ ચિંતા નથી થતી...?"

"ચિંતા... ? શેની ચિંતા ? હું જરાપણ ચિંતા નથી કરતી. હું તો ખુશ છું, ખૂબ જ ખુશ, ખૂબ જ ખુશ, ખૂબ ખૂબ ખુશ... દામલ ! તને એમ હશે કે, સાચે જ હું ખોટું બોલું છું. બરાબર ને ? પરંતુ હું જૂઠું નથી બોલતી. દામલ..., સાચે જ હું પરિણીત છું, વિવાહિત છું. મારા લગ્ન થયેલાં છે. મારે તો ખૂબ જ સારો અને શિક્ષિત એવો કલાસ ટુ ઓફિસર પતિ છે. મારો પતિ જંગલખાતામાં આર.એફ.ઓ.ની પોસ્ટ પર છે. ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું કે, હું સૌભાગ્યવતી સુહાગણ છું. પવિત્ર એવી ચોરીમાં ચાર ફેરા ફરેલી એવી હું વિજયની પત્ની છું..." જ્યોતિ આટલું બધું એકી શ્વાસે કડકડાટ બોલી. જ્યોતિના આવા શબ્દો, આવા વાક્યો સાંભળી દામલની આંખે અચાનક અંધારા છવાયા. થોડી ક્ષણો તો તેને બધું જ ગોળ ગોળ ફરતું દેખાયું. છતાંપણ હૈયે ધરબી રાખેલા હેતના દરિયા હવે તો તેની આંખોમાંથી એકધારા છલકવા લાગ્યા. બોર બોર જેવડા આંસુ તેની આંખમાંથી ટપકવા લાગ્યા અને પછી તો તેનું રૂદન રીતસરનું વધતું ચાલ્યું. હવે આ રૂદનને શાંત કેમ પાડવું..?

દામલનું આવું રૂદન શાંત કરવું કેમ ? જ્યોતિ આ સમયે ખરેખ મૂંઝાઈ. થોડું વિચારતા જ્યોતિને એક રસ્તો મળી ગયો. રડી રહેલા દામલના બન્ને હાથ તેણે પકડી લીધા. પછી એ મજૂબત હાથને ઝડપથી તેણે તેની ભરાવદાર ઉપસેલી છાતી પણ દબાણપૂર્વક દબાવીને રાખી દીધા. ને પછી બીજી જ ઘડીએ હવે જ્યોતિ પણ ડૂસકાં ભરી રડતાં રડતાં બોલી :

"દામલ, મેં તો તને પહેલાં પણ કહ્યું હતું કે હું ખોટું તો નહીં જ બોલું. આજે અને અત્યારે પણ તને ફરી કહું છું કે હું ખોટું બોલી જ નથી. તે મને આ બાબતે કયારેય પૃચ્છા પણ કરી નથી. તે તો સાચું છે ને ? તો પછી સાંભળ : સત્ય એ છે કે, સાચે જ મારાં લગ્ન થયેલાં છે. તું તો કુંવારો છે પણ તારી જેમ હું કાચી કુંવારી નથી જ. પરંતુ એક વાતની હું સ્પષ્ટતા કરૂં છું કે, મારા લગ્ન અને લગ્નની પ્રથમ રાત કે જેને લોકો સુહાગરાત કહે છે. એ મારી સુહાગરાત તો માત્ર પગ ડૂબે એવા ખાબોચિયા ભરેલા પાણીમાં છબછબિયા કરવા પૂરતી વીતી હતી. ઊંડા ઘૂનામાં હું પૂરી નાહી નથી કે ડૂબી પણ નથી. જેવું જોઈએ તેવું શરીરનું સાચું સુખ મેં મારા પતિ પાસેથી મેળવ્યું જ નથી, મેળવ્યું જ નથી, અને મેળવ્યું જ નથી.

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# રાજયમાં છેલ્લાં બે વર્ષમાં ૧૫,૩૯૬ લોકો રોડ અકસ્માતમાં મોતને ભેટ્યા

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં ટ્રાફિક સેફ્ટીને પ્રાથમિકતા આપીને રાજ્ય પોલીસ વડાએ ૭ માર્ચ, ૨૦૨૫ના રોજ ટુ-વ્હીલર વાહનચાલકોને ફરજિયાત હેલ્મેટ પહેરવા બાબતે પરિપત્ર જાહેર કર્યો છે. તદુપરાંત જે વાહનચાલકો નિયમોનું પાલન નથી કરતા તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. આ પરિપત્ર બાદ ફરીથી હેલ્મેટ પહેરવાનો મામલો ચર્ચામાં આવ્યો છે. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં રાજ્ય પોલીસ વડાના આદેશ મુજબ સખત ચેકિંગ અભિયાન ચાલી રહ્યું છે. આ પરિપત્ર મુજબ રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં ૧૫,૩૯૬ લોકો રોડ અકસ્માતમાં મોતને ભેટ્યા છે. વર્ષ ૨૦૨૩માં રોડ પર અકસ્માત થવાના કારણે કુલ ૭૮૫૪ વાહનચાલક મોતને




ભેટ્યા હતા તો વર્ષ ૨૦૨૪માં ૭૫૪૨ વાહનચાલક મોતને ભેટ્યા હતા. આમાં ૩૫ ટકા લોકો એવા હતા, જેમનાં મોત હેલ્મેટ ન પહેરવાના કારણે થયા હતા. આશ્ચર્યજનક વાત તો એ છે કે જીવ ગુમાવનારા આ વાહનચાલકોમાંથી ૨૫% વાહનચાલકોની ઉંમર ૨૬ વર્ષથી નીચેની હતી, જે ચિંતાજનક છે. અગાઉ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ જણાવ્યું હતું કે દેશમાં હેલ્મેટ ન પહેરવાને કારણે લગભગ ૩૦ હજાર લોકોના મોત નિપજ્યા હતા. આમાં ૬૬ ટકા લોકોની ઉંમર ૧૮-૩૪ વર્ષ વચ્ચેની હતી.

# રાજકોટમાં આવેલી એટલાન્ટિસ બિલ્ડીંગમાં આગ લાગતા ત્રણ લોકો જીવતા ભુંજાયા

રાજકોટ,તા.,૧૫

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલી એટલાન્ટિસ બિલ્ડીંગમાં ધુળેટીના દિવસે આગ ફાટી નીકળતા ફૂડ ડિલિવરી કરવા આવેલા ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ફસાયેલા અન્ય લોકોને હાઈડ્રોલિક લિફ્ટથી રેસ્ક્યૂ કરાયા હતા. જે બિલ્ડીંગમાં એક ફ્લેટની કિંમત કરોડો રૂપિયામાં છે



તે બિલ્ડીંગનું ૨૦૧૪ બાદ ફાયર NOC ન લેવાયું હોવાનો ઘટસ્ફોટ થયો છે. ફાયર વિભાગની તપાસમાં બિલ્ડીંગની ફાયર સિસ્ટમ પણ વર્કિંગ કંડીશનમાં ન હોવાનું સામે આવ્યું છે. જો કે, ગંભીર બાબત એ છે કે, રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ પણ ફાયર સેફ્ટી મામલે પોલંપોલ ચાલતી હોવાનું સામે આવ્યું છે. એટલાન્ટિસ બિલ્ડીંગનું વર્ષ ૨૦૧૪ બાદ ફાયર NOC ન લેવાયું હોવાનું સામે આવ્યું છે. ફાયર વિભાગે બે નોટિસ આપી હોવા છતાં રહીશો બેદરકાર રહ્યા અને તંત્રએ પણ નોટિસ આપી સંતોષ માન્યો હોવાનો ખુલાસો થયો છે.

# અમદાવાદમાં વસ્ત્રાલ વિસ્તારને માથે લેનારા લુખ્ખાઓના ઘરનું ડિમોલેશન

અમદાવાદ, તા.૧૫

અમદાવાદના વસ્ત્રાલમાં જૂની અદાવતમાં અસામાજિક તત્ત્વોએ રોડ-રસ્તા બાનમાં લઈ જાહેરમાં આતંક મચાવ્યો હતો, એને લઈને ગઈકાલે પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓને કાયદાનું ભાન કરાવ્યું હતું. ત્યાર બાદ ૧૪ પૈકીના ૭ આરોપીએ પોતાનાં મકાનો પણ ગેરકાયદે ઊભા કરી દીધા હોવાનું ધ્યાન પર આવતાં મનપાની ટીમ પોલીસ-બંદોબસ્ત સાથે ડિમોલિશન




માટે પહોંચી હતી. સાત આરોપીના ગેરકાયદે મકાનોનું ડિમોલિશન શરૂ કરાતાં જ આરોપીઓના પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો, અમદાવાદ પોલીસ કમિશનર પણ હાજર રહ્યા હતા.

# ૧૦૦ કલાકની અંદર અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવા ડીજીપીએ કર્યો આદેશ

ગાંધીનગર,તા.૧૫

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. જેમાં આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સૂચના આપવામાં આવી છે.



રાજ્યમાં અસામાજીક ગુંડા તત્વો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે લેવાયેલા આ નિર્ણયનું તાત્કાલિક અમલીકરણ કરવા આદેશ કરવામાં આવ્યા છે. આ અસામાજિક તત્વોની યાદીમાં કેવા તત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા વ્યક્તિઓ, ખંડણી ઉઘરાવવા, ધાક-ધમકી આપવાના ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન અને જુગારનો ગેરકાયદેસર ધંધો કરનારા તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તથા અન્ય અસામાજીક કૃત્યો દ્વારા જનતામાં ભય ફેલાવનારા તત્વોને આ યાદીમાં સમાવવા આદેશ કરાયા છે.

# ગોંડલના રાજકુમાર જાટનું મોત ખાનગી બસની અડફેટે થયું હોવાનું ખુલ્યું

રાજકોટ,તા.૧૫

ગત ૧૦ માર્ચના રોજ ગોંડલના પૂર્વ MLA જયરાજસિંહ અને તેમના પુત્ર ગણેશ પર રાજકુમાર જાટ નામના યુવકને માર મારવાનો તેના પિતા રતનલાલ જાટે આક્ષેપ કર્યો હતો. માર માર્યા બાદ રાજકુમાર જાટનો રાજકોટ અમદાવાદ હાઈવે પર તરઘડિયા નજીક ઓવરબ્રિજ પર મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ મૃતકના પિતાએ જયરાજસિંહ અને તેમના દીકરા પર હત્યાનો આક્ષેપ કર્યો હતો. આ કેસમાં હવે નવો



ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં મહાસાગર ટ્રાવેલ્સના બસચાલક દ્વારા અકસ્માત કરવામાં આવ્યો હોવાનું સામે આવતા પોલીસે રમેશ મેર નામના બસચાલકની અટકાયત કરી બસને કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ.બંગાળમાં કારે ત્રણ રિક્ષાઓને ટક્કર મારતા એક બાળક સહિત ૭ લોકોના મોત

કોલકતા,તા.૧૫

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં એક દુઃખદ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ત્રણ મહિલાઓ અને એક બાળક સહિત લગભગ ૭ લોકોના મોત થયા અને આઠ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં એક ઝડપથી આવતી કારે એક પછી એક ત્રણ ઈ-રિક્ષાઓને ટક્કર મારી હતી. આ અકસ્માત



વિસ્તારના લક્ષ્મીગચ્છમાં થયો હતો જ્યારે ઈ-રિક્ષા સવારો ઘરે પરત ફરી રહ્યા હતા. વિરુદ્ધ દિશામાંથી આવતી એક ઝડપી SUV એ એક પછી એક ત્રણ ઈ-રિક્ષાઓને ટક્કર મારી જેમાં ઈલેક્ટ્રિક વાહનોમાં મુસાફરી કરી રહેલા સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા અને આઠ અન્ય ઘાયલ થયા જેમાંથી બે ગંભીર રીતે ઘાયલ થયા. અધિકારીઓએ જણાવ્યું કે, ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.

# ઈરાકે કરેલા ઓપરેશનમાં ઈસ્લામિક સ્ટેટના 'ડેપ્યુટી ખલીફા' અલ-રિફાઈનું થયું મોત

બગદાદ, તા.૧૫

ઈરાકી વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ જાહેરાત કરી હતી કે ઈસ્લામિક સ્ટેટના વડા અબ્દુલ્લા માકી મોસલેહ અલ-રિફાઈ ઈરાકમાં એક ઓપરેશન દરમિયાન માર્યા ગયા છે. તમને જણાવી દઈએ કે અબ્દુલ્લા માકી મોસલેહ અલ-રિફાઈને 'અબુ ખાદીજા' તરીકે પણ ઓળખવામાં આવતા હતા. આ કાર્યવાહી ઈરાકી




રાષ્ટ્રીય ગુપ્તચર સેવા અને યુએસ દળો દ્વારા હાથ ધરવામાં આવી હતી. 'અબુ ખાદીજા' દુનિયામાં એક ખતરનાક આતંકવાદી તરીકે જાણીતા હતા અને તે ઈરાક માટે સતત ખતરો રહ્યા. "ઈરાકના લોકો આતંકવાદ સામેની લડાઈમાં તેમની પ્રભાવશાળી જીત ચાલુ રાખે છે," ઈરાકી વડાપ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક નિવેદનમાં જણાવ્યું હતું. અબુ ખાદીજા આતંકવાદી સંગઠનના નાયબ ખલીફા હતા અને ઈરાક અને વિશ્વના સૌથી ખતરનાક આતંકવાદીઓમાંના એક હતા. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાત્રે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ' પર કહ્યું, 'આજે ઈરાકમાં એક ભાગેડુ આઈએસઆઈએસ કટ્ટરપંથીને મારી નાખવામાં આવ્યો.' અમારા બહાદુર યોદ્ધાઓએ તેને શોધી કાઢ્યો અને ઈરાકી સરકાર અને કુર્દિશ પ્રાદેશિક સરકારના સહયોગથી તેને મારી નાખ્યો.

# દહેગામ-નરોડા હાઈવે પર નશેડી કારચાલકે ટક્કર મારતા દંપતીનું મોત

ગાંધીનગર,તા.૧૫

હોળીની રાત્રે આશરે પોણા અગિયાર વાગ્યા આસપાસ દહેગામ-નરોડા હાઈવે પર ઉમિયા માતાના મંદિર સામે અકસ્માત થયો હતો. ગાંધીનગરના સોનરડા ગામનો દિશાંત પટેલ નશાની હાલતમાં પોતાની લાલ કલરની કાર લઈને હાઈવે પર પસાર થઈ રહ્યો હતો. ત્યારે તેણે કાર પરથી કાબૂ ગુમાવી આગળ જતી અલ્ટો કારને ધડાકાભેર ટક્કર મારી હતી. નશેડી દિશાંત પટેલની કારે અલ્ટોને ટક્કર મારતાં અલ્ટો ડિવાઈડર કૂદીને સામેથી આવતી શામળાજી-અમદાવાદ બસમાં



ઘૂસી ગઈ હતી. એના કારણે કારમાં સવાર દહેગામના નરેશભાઈ કાળુસિંહ ઠાકોર અને તેમનાં પત્ની જમનાબેન ઠાકોરનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કારનો ભુક્કો બોલી ગયો હતો અને બસના પણ કાચ તૂટી ગયા હતા.

# થાનના સરોડી ગામે મધ્યસ્થી કરવા ગયેલા યુવકનું મોત

થાનગઢ,તા.૧૫

થાનગઢ તાલુકાના સરોડી ગામનો સુરા નાથાભાઈ કુમાણીયા અવારનવાર એક યુવતીની છેડતી કરતો હતો. ધૂળેટીના દિવસે સુરાએ યુવતી છેડતી કરી અને રંગ લગાડ્યો હતો. જે યુવતીનો ભાઈ ગોપાલ મેટાળીયા જોઈ ગયો હતો. આથી ગોપાલે દાઝ રાખી સુરાને મારી નાખવાનું નક્કી કર્યું હતું અને હાથમાં છરી લઈને સુરા પર હુમલો કર્યો હતો. ઉશ્કેરાયેલા ગોપાલે સુરા પર છરીથી જીવલેણ હુમલો કરતાં



૩૫ વર્ષીય મનસુખભાઈ ભુપતભાઈ સરવૈયા સુરાને છોડાવવા જતા ગોપાલે મનસુખ પર છરીથી હુમલો કરતા મનસુખને ગળા અને જમણા હાથમાં ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત મનસુખનું મોત નિપજ્યુ હતું.

# આરટીઈ હેઠળ ધો. ૧માં પ્રવેશ માટે આવક મર્યાદા રૂા. ૬ લાખ કરતી રાજય સરકાર

ગાંધીનગર,તા.૧૫

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના અધિકાર અધિનિયમ હેઠળ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ % બેઠકોમાં ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જેમાં નબળા અને વંચિત જૂથના બાળકો માટે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો.૧માં વિનામૂલ્યે પ્રવેશ આપવા માટેની પ્રક્રિયા તા.૧૬મી માર્ચ સુધી શરૂ છે. અગાઉ RTE પ્રવેશ માટે આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખ સુધી મર્યાદિત હતી. પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના વડપણ હેઠળ શિક્ષણ વિભાગે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ માટે આવક મર્યાદા વધારીને રૂ. ૬ લાખ કરવાનો નિર્ણય કર્યો છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ માટે આવક મર્યાદા વધારીને રૂ.૬ લાખ કરવાનો નિર્ણય કર્યો છે. RTE પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટે આવક સ્લેબમાં સુધારો થતા નબળા અને વંચિત જૂથના બાળકો અને વાલીઓને મોટી રાહત થઈ છે.

# કોડીનારના ઘાંટવડ ગામે સામાન્ય વર્ગના વ્યક્તિએ પૈસા ભરેલું પાકીટ પરત કરીને પ્રામાણિકતા દર્શાવી

કોડીનાર,તા.૧૫

કોડીનારના ઘાંટવડ ગામે રહેતા સલીમભાઈ જુમાભાઈ ભાદરકા પોતાની પીકઅપ ગાડી લઈને જામવાળા તરફ જતાં હતા ત્યારે ગાડીનો દરવાજા ખોલતા તેમનું પૈસા ભરેલું પાકીટ પડી ગયું હતું. ઘરે પરત આવ્યા ત્યારે તેમને યાદ આવ્યું કે પાકીટ પડી ગયું છે. ત્યાર બાદ પાછા ઘાંટવડ જતા પૂછપરછ કરતા પણ પાકીટ મળ્યું ન હતું. તેમણે આ અંગે



તસ્વીર : ધર્મેશ પાઠક

સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ કર્યો હતો અને તેની જાણ દાઉદભાઈ દયાતરને થતાં તેમણે સલીમભાઈને ફોન કરી કહ્યું કે પાકીટ મને મળ્યું છે તેમાં ૧૭,૫૦૦ રૂપિયા છે. દાઉદભાઈ દયાતરે સલીમભાઈને ઘરે જઈને પૈસા ભરેલું પાકીટ પરત કર્યું

**સામાન્ય વર્ગના વ્યક્તિમાં પણ માનવતા ધબકે છે**

હતું. આમ ઘાંટવડના સામાન્ય વર્ગના અને છૂટક મજૂરીનો ધંધો કરનારા દાઉદભાઈ દાદાભાઈ દયાતરે ઈમાનદારી અને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સલીમભાઈએ પ્રામાણિકતા બદલ દાઉદભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જસદણ નગરપાલિકાના અપક્ષ સભ્યનું પીવાના પાણી પ્રશ્ને ઉપવાસ આંદોલન

**જયાં સુધી માંગણી નહી સંતોષાય ત્યાં સુધી ઉપવાસ આંદોલન શરૂ રહેશે**

જસદણ,તા.૧૫

જસદણ નગરપાલિકાના વોર્ડ નં.૫માંથી નવા ચૂંટાયેલા અપક્ષ સભ્ય સુરેશભાઈ છાયાણીએ નગરપાલિકા કચેરી સામે ઉપવાસ આંદોલન શરૂ કર્યું હતું.




આ અંગે સુરેશભાઈએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચારથી ખદબદતી નગરપાલિકાના અધિકારીઓ અમારા વોર્ડમાં દુર્ગંધવાળું પાણી લાંબા સમયથી આપે છે. આ ગંભીર પ્રશ્ન બાબતે તેની લેખિત રજૂઆત પછી પણ કોઈ કાર્યવાહી ન થતાં આખરે મારે ઉપવાસ આંદોલન શરૂ કરવાની ફરજ પડી છે. નગરપાલિકા દ્વારા નિયમિત પાણી આપવામાં આવતું નથી. આ ઉપરાંત કરોડો રૂપિયાના બિલની રકમ લાગતા વળગતા લોકોએ ઉસેડી લીધી છે. આ અંગે પણ કોઈ કાર્યવાહી આજદિન સુધી ન થઈ હોવાથી નગરપાલિકા કચેરી સામે ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. જ્યાં સુધી અમારી માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી આ ઉપવાસ આંદોલન શરૂ રાખવામાં આવશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

GUVNL



# પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના

અંતર્ગત

# મોડલ સોલાર વિલેજ સ્પર્ધા

## સ્પર્ધાનો સમયગાળો

## ૧ એપ્રિલ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫

- **યોગ્યતા :** રેવન્યુ ગામ કે જેની વસતી **૫૦૦૦ થી વધુ** હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) તે તમામ આ સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા ધરાવે છે.
- ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત મંત્રાલય (MNRE)ની મોડલ સોલાર વિલેજની ગાઈડલાઈન મુજબ રેવન્યુ ગામની હદમાં સ્થાપિત સોલાર રૂફટોપ, PM KUSUM યોજના અંતર્ગત સ્થાપિત ગ્રાઉન્ડ માઉન્ટેડ સ્મોલ સ્કેલ RE પ્લાન્ટ અથવા એક જ સ્થળે સ્થાપિત 10MWથી ઓછી ક્ષમતાના RE પ્લાન્ટ આ તમામ દ્વારા સ્થાપિત વિતરિત પુનઃપ્રાપ્ય ઊર્જા (Distributed RE)ની સૌથી વધુ ક્ષમતા સ્થાપિત કરનાર ગામને મોડલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે.
- સંબંધિત ગામના નિયત સત્તાધિકારીએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સમિતિને અરજી કરવાની રહેશે.
- MNRE, ભારત સરકાર તરફથી **જિલ્લા દીઠ એક** મોડલ સોલાર વિલેજને સેન્ટ્રલ ફાઇનાન્સ આસિસ્ટન્સ (CFA) તરીકે **₹ ૧ કરોડ**ની રકમ મળવાપાત્ર રહેશે.

**યોજના ની વધુ વિગત માટે www.guvnl.com વિઝીટ કરો**

ફક્ત 1 વર્ષના ટૂંકાગાળામાં
**2.75+ લાખ** થી
વધુ લોકો દ્વારા
**1000 મેગાવોટથી વધુની**
સોલાર સિસ્ટમનું સ્થાપન

રહેણાંક ક્ષેત્ર માટે નાણાંકીય સહાય
**₹ 78,000*** સુધીની મર્યાદામાં

| | |
|---|---|
| ૧ KW → | ₹ 30,000 |
| ૨ KW → | ₹ 60,000 |
| 3 KW કે તેથી વધુ → | ₹ 78,000 |

માન. વડાપ્રધાનશ્રીના
માર્ગદર્શન અને
માન. મુખ્યમંત્રીશ્રીના
નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામો હવે
**મોડલ સોલાર વિલેજ**
બની દેશના અનેક ગામો માટે બનશે
**રોલ મોડલ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી - નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
ગુજરાત સરકાર

જો તમે પણ તમારી છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા ઈચ્છુક હોવ તો આજે જ
**https://pmsuryaghar.gov.in** વિઝીટ કરો